સુવિચાર
''આનંદ કયાંયથી વેચાતો કે વસિયતમાં મળતો નથી. એને જાતે જ વાવીને, જાતે જ લણવાનો હોય છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૫/૦૭/૨૦૨૬, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૨ અષાઢ સુદ-૧ વર્ષ : ૧૭ અંક : ૧૮૧


## ૧૦ દિવસ પહેલા થયેલ ભારે વરસાદથી કિંમતી બિયારણનું ધોવાણ થઈ ગયું


# લીલીયામોટાનાં ખારા સહિતનાં ગામોનાં ખેતીપાકોને વ્યાપક નુકસાન

**કપાસ સહિતનાં થયેલ વાવેતરનું ધોવાણ થઈ જતાં અને બાદમાં વરસાદ ગાયબ થતાં પરેશાની**

**અનેક ખેડૂતોએ બબ્બે વખત વાવેતર કર્યુ છતાં પરિણામ નિષ્ફળ રહ્યું**

**દેવાના ડુંગર નીચે દબાયેલ અનેક ખેડૂતોની હાલત અતિ દયનીય બની રહી છે**

**ખેડૂતોએ રાજય સરકાર સમક્ષ નુકસાનનું સર્વે કરી તાકીદે આર્થિક સહાય કરવા માંગ કરી**


અમરેલી, તા. ૧૪
અમરેલી જિલ્લામાં ૧૦ દિવસ પહેલા મોટાભાગનાં વિસ્તારમાં વ્યાપક પ્રમાણમાં વરસાદ થયો હતો. જો કે જેમાં લીલીયા મોટા, સાવરકુંડલા અને રાજુલા, ધારી પંથકમાં ભારે વરસાદ આશીર્વાદરૂપને બદલે આફતરૂપ બની ગયો હતો.

દરમિયાનમાં લીલીયા મોટાનાં ખારા સહિતનાં અનેક ગામોમાં ખેડૂતોએ ''કપાસ'' સહિતનું કરેલ વાવેતર ધોવાઈ ગયેલ. અમુક ખેડૂતોએ એકથી દોઢ મહિના પહેલા કરેલ વાવેતર વરસાદનાં અભાવે નિષ્ફળ જતાં પૂનઃ વાવેતર કરેલ અને તે પણ ધોવાઈ જતાં ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

આ અંગે ખારા ગામનાં અગ્રણી નરેશભાઈ આહીરે સોશ્યલ મીડિયાનાં માધ્યમથી જણાવ્યું કે, મોંઘા ભાવનું બિયારણ નાશ પામેલ હોય, કૃષિમંત્રીને પણ અનેક વખત કોલ કરેલ પણ તેઓ સાથે વાત થઈ શકી નથી.

તેઓએ વધુમાં જણાવ્યું કે ''ખારા'' સહિતનાં આજુબાજુનાં અનેક ગામોનાં અનેક ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે અને વરસાદનાં અભાવે હવે મુરઝાતા બિયારણને બચાવવા માટે પાણીનું ટીપુ ટીપુ પીવરાવીને ભારે સંઘર્ષ કરી રહ્યા હોય રાજય સરકારે તાકીદે નુકસાનીનું ખેતરે-ખેતરે સર્વે કરીને ખેડૂતોને આર્થિક સહાય કરવી જોઈએ તેવી વિનંતી કરી છે.


શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫



અમરેલીમાં બંગલો વેચવાનો છે





અમરેલીમાં ૩ બેડરૂમ, ફુલ ફર્નીચર, સોલાર સાથે કોર્નર સાઈડનો બંગલો વેચવાનો છે
:: સ્થળ ::
ગંગાવિહાર, લાઠી રોડ, અમરેલી
મો : ૮૮૫૮૭ 33333



દુઃખદ અવસાન/બેસણું





સ્વ. હિંમતભાઈ પરષોત્તમભાઈ સેંજલિયા (ઉ.વ. ૮૩)
સ્વ. તા. ૧૪/૦૭/૨૦૨૬, મંગળવાર, (મુ. અમરેલી)
॥ તે હિ નો દિવસા ગત : ॥
સમયની ગતિ કોઈ જાણી શકતુ નથી, કાળ કોઈની રાહ જોતો નથી. હિંમતભાઈના પ્રભાવી, મલકતું મુખારવિંદ અને પરમાર્થી કર્તુત્વનો ઈતિહાસ સાક્ષી છે. એટલે સદ્‌ગતની સ્મૃતિઓ રૂપે અશ્રુઓ હવે કર્તુત્વમા પરિણમે એજ અભ્યર્થના... સહ પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગત આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
અમારા સેંજલિયા પરિવારનાં મોભી હિંમતભાઈ પરષોત્તમભાઈ સેંજલિયા (ઉ.વ. ૮૩) તા. ૧૪/૦૭/૨૦૨૬, મંગળવારનાં રોજ શ્રીજીચરણ પામ્યા છે
॥ સદ્‌ગતનું બેસણું ॥
તારીખ : ૧૬/૦૭/૨૦૨૬ ને ગુરૂવાર
સમય : બપોરે ૩:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક સુધી
સ્થળ : પટેલવાડી, હિરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી
લી.
હાર્દિકભાઈ હિંમતભાઈ સેંજલિયા
વિશાલભાઈ કિરીટભાઈ સેંજલિયા
કોકીલાબેન કમલેશભાઈ ગુંદરણીયા
વિઠ્ઠલભાઈ પરષોત્તમભાઈ સેંજલિયા
ધર્મેશભાઈ વિઠ્ઠલભાઈ સેંજલિયા
હરેશભાઈ વિઠ્ઠલભાઈ સેંજલિયા
સરોજબેન અશોકભાઈ ગજેરા
શ્રીજી મોબાઈલ પરિવાર-અમરેલી



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,30,000/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૪/૦૭/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
© 63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. કૈવંત પટેલ — ઈન્ટરવેન્શનલ પલ્મોનોલોજીસ્ટ, ફેફસાના રોગો અને એડવાન્સ બ્રોન્કોસ્કોપીના નિષ્ણાંત PFT રીપોર્ટની સુવિધા ઉપલબ્ધ છે — તા. ૧૬/૦૭/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૧ થી ૧
ડો. વિરલ વસાણી — ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન, મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત — તા. ૧૬/૦૭/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૧ થી ૧
ડો. જય વિઠલાણી — કાર્ડિયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત — તા. ૧૭/૦૭/૨૦૨૬, શુક્રવારે, બપોરે ૧૨ થી ૧:૩૦
ડો. સાગર બરાસરા — એન્ડોકાઈનોલોજીસ્ટ, ડાયાબિટીસ, થાઈરોઈડ અને હોર્મોન્સના નિષ્ણાંત — તા. ૧૮/૦૭/૨૦૨૬, શનિવારે, સવારે ૯ થી ૨
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ) મો. ૮૭૮૦૩ ૯૧૫૯૯
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ) મો. ૯૯૧૩૯ ૪૮૪૩૦



આધુનિક મશીનરી ધરાવતી એકમાત્ર અમરેલી જિલ્લાની દાંતની હોસ્પિટલ
અર્થ દાંતની હોસ્પિટલ
ડો. ભગીરથ બી. વાળા (B.D.S. ડેન્ટલ સર્જન)
જડબામાં સ્ક્રુ વડે ફિકસ દાંત, ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર
→ સડી ગયેલા દાંતને બચાવવાની સારવાર
→ દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
→ દાંત પર લગાવાતા કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
→ દુઃખાવા વગર દાંત કાઢવાની સુવિધા
→ નાના બાળકોના તમામ દાંત અને પેઢાની સારવાર
→ ઓછા ખુલતા મોઢાની સારવાર
સરનામું : પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળની સામે, અમરેલી મો. ૮૪૯૦૦ ૩૮૩૦૩

# દામનગરમાં બદબુ ફેલાવતી મુતરડી



દામનગરમાં સરદાર સર્કલની સામે આવેલ નગરપાલિકા શોપીંગ સેન્ટરમાં આવેલ મુતરડીમાં વ્યવસ્થિત સાફ સફાઈ કરાવવામાં આવે તો આજુબાજુનાં વાતાવરણમાં સારૂં રહે અને સ્વચ્છતા જળવાઈ રહે.

### મોબાઈલ એસોસેસિયેશન અને ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ અને

# અમરેલીનાં વેપારી અગ્રણી હાર્દિકભાઈ સેંજલિયાનાં પિતાજીનું અવસાન થયુ

### સદ્ગતનું બેસણું ગુરૂવારે બપોરે ૩ થી ૬ કલાકે પટેલ વાડી, હીરામોતી ચોક ખાતે યોજાશે

અમરેલી, તા. ૧૪

અમરેલી મોબાઈલ એસોસિયેશન અને ચેમ્બર ઓફ કોમર્સનાંપ્રમુખઅનેશ્રીજીમોબાઈલનાં ઓનરહાર્દિકભાઈ સેંજલિયાનાંપિતા હિંમતભાઈ પરશોતમભાઈ સેંજલિયા



(ઉ.વ. ૮૨) તા. ૨૪ જુલાઈને મંગળવારનાં રોજ શ્રીજી ચરણ પામેલછે.

સદગતનુંબેસણુંગુરૂવારતા. ૧૬જુલાઈનાંબપોરનાં૩થી૬ પટેલ વાડી, હીરામોતીચોકખાતે રાખેલછે.

### માર્કેટયાર્ડનાં ચેરમેન દીપક માલાણીએ પત્ર પાઠવ્યો


# હવામાનશાસ્ત્રી અંબાલાલે હવામાનને લગતી આગાહી કરવાનું શરૂ રાખવું જોઈએ

### હજારો ખેડૂતોને આગાહીથી ફાયદો થતો હોય છે

સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ચેરમેનદીપકમાલાણીએહવામાનશાસ્ત્રી અંબાલાલને પત્ર પાઠવેલ છે.

પત્રમાંજણાવેલછે કે, સોશ્યલ મીડિયાનાં માધ્યમથી જાણવા મળ્યું છે કે, આપેજાહેર કર્યુછે કે "હવે પછીહું વરસાદ, વાવાઝોડા વિગેરે હવામાનને લગતી આગાહીનહી કરૂ." જોખરેખર આપે એવી જાહેરાત કરી હોય તો એક ગ્રામ્ય નિવાસી ખેડૂત નાગરિક તરીકે વિનંતી કરૂ છું કે, આપનો આવો નિર્ણય બંધ રાખો અને આપના અનુભવ, અભ્યાસ અને જ્ઞાન આધારીત હવામાનને લગતી આગાહી આપવાનું ચાલુ રાખો. કેમ કે હજારોની સંખ્યામાં ખેડૂતો નિયમિત રીતે આપની આગાહી સોશ્યલ મીડિયા મારફત જુએ છે અને આધારભૂત માને છે. જે ખેડૂતો અને માર્કેટયાર્ડની પ્રવૃત્તિઓ માટે હિતકારી અને ઉપયોગી સાબિત થયેલ છે. હજારોની સંખ્યામાં ખેડૂતો આપના તરફ શ્રધ્ધા અને માનની લાગણી ધરાવે છે. આપની આગાહી ઉપર ભરોસો ધરાવે છે તેને આધારીત ખેડૂતો પોતાની ખેતીકામનું આયોજન કરે છે અને હવામાન વિશે આપની આગાહીને આધારે એલર્ટ થઈ આગોતરૂ ખેતીકામનું આયોજન કરવાથી ખેડૂતોને ઘણો જ લાભ થયેલ છે અને નુકસાનમાંથીબચેલછે. ઈવનમાર્કેટયાર્ડમાં



વેચાણમાટે પોતાનીજણસોલાવવા, માલને સુરક્ષિત રાખવા અને માલ લાવવા–નહી લાવવાના આયોજનમાં પણ ઉપયોગી થયેલ છે. જેનો એક ખેડૂતો વચ્ચે અને ગ્રામજનો સાથે રહેતા એક ગ્રામ નિવાસી નાગરિક તરીકે પુરો અનુભવ છે.

વધુમાં જણાવેલ છે કે, આપને હજારો ખેડૂતો ચાહે છે અને નિયમિત રીતે આપની આગાહી જુએ છે અને તેના ઉપર ઘણો આધાર રાખે છે, તેનો અનુભવ કરે છે અને તેને આધારે ખેડૂતોને પોતાનું આગોતરૂ ખેતકામ કરી લેવામાં, ખેતીપાક, ઘાસચારો વિગેરે સુરક્ષિત રાખવામાં ઉપયોગી માને છે અને અનુભવેલ છે. આમ આપ હવામાનને લગતી આગાહી કરવાનું બંધ કરશો તો મોટાભાગના ખેડૂતો તેમાં ખૂશ નહી હોય અને તેના હિતમાં ન હોય તેવો આ નિર્ણય છે. કારણ કે હવામાન વિશે આગાહી




કરવી કે અનુમાન આપવું એ કોઈ અસામાજિક પ્રવૃત્તિ કે દેશ વિરોધી કૃત્ય નથી. પણ તે મુજબ વરસાદ, વાવાઝોડા કે માવઠું થાય અને આગાહી સાચી પડે ત્યારે જનહીતનું કે ખાસ કરીને ખેડૂત–પશુપાલકના હિતની કામગીરી ગણાય છે. બાકી જે ખેડૂત નથી કે જેને ખેતીના વિવિધ કામો સાથે કોઈ નિસ્બત નથી એવા શુટબુટવાળા લોકોના કારણે તમે આગાહી કરવાનું બંધ કરશો તો તેનો મેસેજ પણ ઠીક નહી જાય અને હજારો ખેડૂતો ઉણપ અને નિરાશા અનુભવશે. એટલે કમસે કમ સાચા ખેડૂતો ખાતર આપની આ પ્રવૃત્તિ યથાવત રીતેચાલુ રાખી આપના અનુભવ, અભ્યાસ અને જાણકારી મુજબ હવામાન સંબંધે જે જણાય તેની ખેડૂતોને જાણકારી આપી આગાહી આપવાનું ચાલુ રાખો તેવી અંતમાં પૂનઃ વિનંતી છે.

### શહેર ભાજપનાં પૂર્વ મહામંત્રી નિતેષ ડોડીઆએ મુખ્યમંત્રી સમક્ષ લેખિત રજુઆત કરી

# બગસરાની જીવાદોરી સમાન અને કાચી માટીથી ૬૬ વર્ષ પહેલા બનેલ મુંજીયાસર જળાશયનું નવિનીકરણ કરો

### ૧૯૮૨ના વાવાઝોડામાં નુકસાનગ્રસ્ત બનેલ જળાશય સમારકામને લીધે અડીખમ છે



અમરેલી, તા. ૧૪

બગસરા શહેર ભાજપનાં પુર્વ મહામંત્રી નિતેષ ડોડીઆએ આજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને રૂબરૂ મળી લેખિતમાં મુંજીયાસર જળાશયનું નવિનીકરણ કરવાની રજુઆત કરી છે.

લેખિત રજુઆતમાં જણાવેલ છે કે, સમગ્ર એશિયા ખંડમાં પ્રથમ કાચી માટીનો ઐતિહાસિક વિશાળ મુંજીયાસર ડેમ વર્ષ ૧૯૫૪ માં બાંધવામાં આવેલ, અને અમરેલી જિલ્લાની સિંચાઈ પેટા વિભાગ–૪, ધારીના વિભાગ નિચે આવેલ હોય, આ ડેમનો સ્ત્રોવ ક્ષેત્ર ૧૦૧.૭૮ ચો. કિ.મી. છે. આ યોજનામાં ૫૭૦ મી.મી. જેટલો સરેરાશ વરસાદ ગણતરીમાં લેવામાં આવેલ છે. આ યોજના વર્ષ ૧૯૫૯માં પાણી ભરવાની તથા વર્ષ ૧૯૫૯/૬૦માં સિંચાઈ કરવાની શરૂઆત કરવામાં આવેલ છે. જેમની સાથે અનેક કેનાલો દ્વારા ડેમની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સિંચાઈનું પાણી કેનાલો દ્વારા ખેતરો સુધી પહોંચાડવામાં આવે છે.

વધુમાં જણાવેલ છે કે, આ યોજનાના આયોજન મુજબ કુલ સિંચાઈ વિસ્તાર (જી.સી.એ.) ૫૪૬૪ હેકટર, ખેતિલાયક સિંચાઈ વિસ્તાર (સી.સી.એ.) ૩૪૮૧ હેકટર અને સિંચાઈશકિત (આઈ.સી.એ.) ૧૭૦૦ હેકટર છે જેની સામે સિંચાઈ શકિત ઉત્પન્ન કરવામાં આવે છે. જેમાં બગસરા તાલુકો, ધારી તાલુકા અને અમરેલી તાલુકાનાં ૯ ગામોને આ સિંચાઈનો લાભ મળે છે.

વધુમાં જણાવેલ છે કે, આ યોજનામાં માટીબંધની કુલ લંબાઈ લગભગ ૪૩૦૦ મીટર છે અને મથાળું લેવલ ૬૮ મીટર છે અને પહોળાઈ અંદાજે ૧૨ મીટર જેટલી છે. આવા આ ઐતિહાસીક કાચી માટીનાં ડેમની અવધી લગભગ પુરી થયેલ હોય અને વર્ષ ૧૯૮૨માં વાવાઝોડા દરમ્યાન આ ડેમને નુકસાન થયેલ, તેમ છતાં સમારકામ દ્વારા આજ સુધી આ ડેમ અડીખમ છે. આ ડેમનાં બાંધકામને ૬૬ વર્ષ થયા છતાં હાલની પરિસ્થિતિએ આ ડેમમાં વરસાદી પાણી ભરાતા નદીમાં આનો જળસ્ત્રાવ થતો હોય જેથી બગસરા નગરપાલિકા દ્વારા વિવિધ યોજનાઓ થકી બગસરા શહેરની ૪૫૦૦૦ જેટલી જનતાની જીવાદોરી સમાન અને ઘર ઘર સુધી પીવાનાં કાયમી સ્ત્રોતો અવિરત છે. જેથી બગસરા શહેરને લગભગ કયારેય પાણીની કટોકટીનો સામનો કરવો પડેલ નથી અને ખેતિ માટે સિંચાઈનો પ્રશ્ન પણ ઉદભવેલ નથી.

વધુમાં જણાવેલ છે કે, આવા આ ઐતિહાસિક ધરોહર સમા મુંજીયાસર ડેમી ગેબીયન પીચીંગ (પથ્થર)થી રીનોવેશન કરવામાં આવે તો આ ડેમની મજબુતાઈ તથા ડેમની સલામતીને વર્ષો સુધી જીવંતદાન મળી શકે તેમ હોય અને આનો લાભ બગસરા તેમજ આસપાસનાં તાલુકામાં વર્ષો સુધી મળતો રહેશે. તો આ કામને વહેલી તકે મંજુરી મળે તેવી માંગ અંતમાં કરેલ છે.

# પ્રાકૃતિક કૃષિમાં કુદરતી ચક્ર એવા જળચક્ર, ખાદ્યચક્ર અને નાઈટ્રોજન ચક્રની ભૂમિકા

અમરેલી, તા. ૧૪

પ્રાકૃતિકખેતીમાંમુખ્યખેતી પાકનીસાથે સહજીવી પાક ઉગાડવામાં આવે છે, આવા ખેતી પાકો એકબીજાને પોષણ આપે છે. મુખ્ય ખેતી પાકનો ઉત્પાદનખર્ચસહજીવીપાકનાઉત્પાદન અનેઆવકથીનીકળીજાયછે, બોનસના રૂપમાંમુખ્યપાકમળેછે, જેનાથીખેડૂતોને ખેતી ખર્ચ બહુ જ ઓછો થઈ જાય છે. મહત્વનું છે કે, પ્રાકૃતિક ખેતીમાં ખેતી પાકને વૃદ્ધિ માટે અને ઉત્પાદન લેવા માટે જે–જે સંસાધનોની જરૂરિયાત પડે છે તે બધા ઘરમાં જ ઉપલબ્ધ થાય છે, પ્રાકૃતિક ખેતીનો નારો છે. ગામનો પૈસો ગામમાં અનેશહેરનો પૈસો પણ ગામમાં પ્રાકૃતિક કૃષિમાં કુદરતી ચક્ર એવાં જળચક્ર, ખાદ્યચક્રઅનેનાઈટ્રોજનચક્રનીમહત્વની ભૂમિકાછે.

જળચક્ર : જમીન તથા સમુદ્રમાં રહેલું પાણી બાષ્પીભવનથી વરાળ રૂપે આકાશમાં જાયછે. વાતાવરણ ઠંડુથતાઆવરાળહવામાંરહેલારજકણો ફરતે પાણીનાં બુંદ બનાવે છે. જે વરસાદ સ્વરૂપે જમીન પર આવે છે. પ્રાકૃતિક ખેતીમાં સેન્દ્રિય પદાર્થો અને સૂક્ષ્મ જીવાણુઓની ગતિવિધિના કારણે જમીનની ભૌતિક સ્થિતિમાં સુધારો થાય છે. જમીન છિદ્રાળુ અને ભરભરી બને છે. આ કારણે વરસાદના પાણીનો મોટો જથ્થો જમીનમાં ઊંડે સુધી ઉતરે અને સંગ્રહ થાય, સંગ્રહિત પાણીમાં જમીનમાં રહેલ પોષક તત્વો અને ખનીજો દ્રાવ્ય થાય છે. ઉનાળામાં અથવા જયારે ઉપરની જમીનમાં પાણીની અછત સર્જાય ત્યારે નીચેનું સંગ્રહિત પાણી કેશાકર્ષણ દ્વારા દ્રાવ્ય થયેલ પોષક તત્વો સાથે મૂળ પ્રદેશમાં આવે છે અને છોડને જરૂરી ભેજ અને પોષકતત્વો પૂરાં પાડે છે. આમ, જળ વ્યવસ્થાપનના કારણે અતિવૃષ્ટિમાં પાકને નુકનાન નથી થતું, અછતના સમયે છોડને જરૂરી ભેજ મળી રહે છે.

ખાદ્યચક્ર : છોડના બંધારણમાં કાર્બન, હાઈડ્રોજન અને ઓકિસજન (કાર્બોદિત પદાર્થો)નો હિસ્સો ૯૫ થી ૯૬ ટકા જેટલો છે. જેનું નિર્માણ સૂર્યપ્રકાશની હાજરીમાં પ્રકાશસંશ્રલેષણની પ્રક્રિયા દ્વારા છોડના પર્ણમાં પાણી અને હવામાં રહેલ કાર્બન ડાયોકસાઈડના સંયોજનથી થાય છે. આથી, પાણી, હવા અને સૂર્યપ્રકાશનું જરૂરીયાત મુજબનું વ્યવસ્થાપન થાય તો છોડની ૯૫ ટકા જરૂરિયાત સંતોષાય છે. પ્રાકૃતિક કૃષિમાં વાપ્સા, આચ્છાદન અને મિશ્રપાક પદ્ધતિના આયામોથી આવું જરૂરી વ્યવસ્થાપન થાય છે.

નાઈટ્રોજનચક્ર : પાકની વૃદ્ધિ માટે નાઈટ્રોજન તત્વ આવશ્યક છે. હવામાં ૭૮ ટકા નાઈટ્રોજન રહેલો છે. છોડને નાઈટ્રોજન બે પ્રક્રિયાઓ દ્વારા પ્રાપ્ત થાય છે. જયારે આકાશમાં વીજળી થાય છે. ત્યારે ટનબંધ નાઈટ્રોજન પાણીમાં દ્રાવ્ય થઈ વરસાદના પાણી દ્વારા જમીનને મળે છે. જમીનમાં સૂક્ષ્મ જીવાણું દ્વારા નાઈટ્રોજનનું સ્થાપન તથા છોડને જરૂરી સ્વરૂપમાં પરિવર્તન થાય છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં નાઈટ્રોજનચક્રના કારણે પાકને બહારથી અન્ય કોઈ ખાતર આપવાની જરૂરિયાત રહેતી નથી.

### મદદનીશ પોલીસ અધિક્ષકની સુચનાથી કાર્યવાહી

# બગસરાનાં હામાપુર માર્ગ ઉપરથી દેશી દારૂનાં જથ્થા સાથે આરોપીની અટકાયત

### કાર સહિત રૂપિયા ૪.૫૦ લાખનો મુદ્દામાલ જબ્બે

અમરેલી, તા. ૧૪

ધારીડિવીઝનનાંમદદનીશ પોલીસઅધિક્ષકજયવીર ગઢવીએ ધારી ડિવીઝન વિસ્તારના પોલીસ સ્ટેશનમાં દારૂ–જુગારનીસફળરેઈડો કરવાજરૂરી સુચના તથા માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે પોલીસ ઈન્સ્પે.વી.કે. ગોલવેલકરની રાહબરી હેઠળ બગસરા પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા બગસરા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમ્યાન તેમને ખાનગી રહે બાતમી આધારેના આધારે એક કારમાં દેશીદારૂનો જંગી જથ્થા સાથે બાબરા તાલુકાનાં તાઈવદર



ગામે રહેતા રવુભાઈ નનકાભાઈ શાખ નામના ઈસમને દેશી દારૂ લીટર ૧૦૦૦ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦ તથા ફોરવ્હીલ કાર નં. જીજે–૧૬–એપી–૮૫૭૫ કિંમત રૂપિયા ૪,૫૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૬,૫૦,૦૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### આરોપીએ થોડી જમીન ઉપર કબ્જો જમાવી દીધો

# નાની કુંકાવાવનાં વતની અને સુરત સ્થિત યુવકની ખેતીની જમીન ઉપર દબાણ કરાયુ

### શેઢા પડોશી આરોપી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૧૪

હાલ સુરતના શાંતીનિકેતન સોસાયટી, મકાન નં–૧૮, નાલંદા સ્કુલ પાસે, પુર્ણા ગામ ખાતે રહેતા અને મુળ વડિયા તાલુકાના નાની કુંકાવાવ ગામનાં વતની દિલીપભાઈ ગોરધનભાઈ સોરઠીયા નામના ૩૭ વર્ષીય યુવકની જમીન નાની કુંકાવાવ ગામના ઉદરીયુ સીમ વિસ્તારમાં આવેલ રેવન્યુ સર્વે નં. ૧૨૬ની કુલ ક્ષેત્રફળ હે. ૩૧૧.૬૧ ચો.મી. ખેતીની જમીન આવેલ હોય. જે જમીનમાંથી તે જ ગામે રહેતા તેમના શેઢા પાડોશી અને આરોપી ધીરૂભાઈ રવજીભાઈ સોરઠીયાએ આ યુવકના રેવન્યુ સર્વે નં. ૧૨૬ના કુલ ક્ષેત્રફળ ૩૧૧.૬૧ ચો.મી.માંથી ઉત્તર બાજુએથી ક્ષેત્રફળ હે. ૦ ૧૯.૪૯ ચો.મી.ની ખેતીની જમીનનો ગેરકાયદેસર રીતે કબ્જો કરી પચાવી પાડી તેમાં ખેતીનો પાક લઈ આર્થિક લાભ મેળવી લીધા અંગેની યુવકે ધ ગુજરાત લેન્ડ ગ્રેબિંગ (પ્રોહીબીશન) એકટ–૨૦૨૦ની કલમ–૪(૩), ૫(ગ) મુજબ પોલીસમાં ફરિયાદ નોંધાવતા નાયબ પોલિસ અધિક્ષક ચિરાગ દેસાઈ દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ છે.

# અમરેલી જિલ્લા આહીર કર્મયોગી મંડળનો ત્રિવિધ કાર્યક્રમ ત્રિમંદિર ખાતે યોજાયો










સમગ્ર ગુજરાત સહીત અમરેલી જિલ્લામાં આહીર સમાજના લોકો ખુબ મોટી સંખ્યામા વસવાટ કરે છે. સમયની સાથે વિકાસનુ અનુકૂલન સાધી આહિર સમાજના યુવાઓ અને લોકોની શૈક્ષણિક ભૂખના પરીણામથી આજે ખુબ મોટી સંખ્યામા લોકો સરકારી, સહકારી અને ખાનગી ક્ષેત્રમાં નોકરી કરી રહ્યા છે. અમરેલી જિલ્લામાં પણ ખુબ મોટી સંખ્યમાં આહીર સમાજના કર્મચારી હોવાથી બે વર્ષ પૂર્વે સામાજિક અગ્રણીઓના સૂચન અને લોક જાગૃતિથી અમરેલી જિલ્લા આહીર કર્મયોગી મંડળની સ્થાપના કરી સમગ્ર જિલ્લામાં વિવિધ વિભાગોમાં નોકરી કરતા આહિર સમાજના કર્મચારીઓને જોડવામા આવ્યા હતા અને સમગ્ર સંગઠનના વિવિધ પદો પર જવાબદારી સોંપવામાં આવી હતી. આ સંગઠન દ્વારા અમરેલી સ્થિત આવેલાં ત્રિમંદીર ખાતે ત્રિવિધ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમા દ્વિતીય વાર્ષિક સાધારણ સભા, દાતાઓના સન્માન, તેજસ્વી તારલાઓના સન્માનનો કાર્યકમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મંડળની દ્વિતીય વાર્ષિક સાધારણ સભામાં નાણાકીય હિસાબો ખજાનચી હિતેષભાઈ સોરઠીયા દ્વારા રજુ થયા હતા ત્યાર બાદ સમગ્ર જિલ્લાના આહીર સમાજના પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર તેજસ્વી બાળકોનું સન્માન કરાયું હતુ અને કાર્યક્રમના ખર્ચના દાતાઓ, સમાજ શ્રેષ્ઠિઓ અને સમાજના અધિકારીઓ અને અમરેલી જિલ્લામાં નવા નોકરીમાં લાગેલા કર્મચારીઓને સન્માનિત કરી આવકારવામાં આવ્યા હતા તો નિવૃત થતા કર્મચારીઓને પણ નિવૃત્તિ સન્માન આપવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં મુખ્ય માહેમાન તરીકે આહીર સમાજના વર્ગ એકના અધિકારી વિકાસ યાદવ (આઈએફએસ, ઈસ્ટ ગીર ફોરેસ્ટ) દ્વારા માર્ગદર્શન અપાયું હતુ તો સમાજ શ્રેષ્ઠિઓ પ્રભાતભાઈ કોઠીવાળ, રાજુભાઈ ભૂતૈયા, જીતુભાઈ ડેર દ્વારા પણ સમાજ ઉપયોગી માર્ગદર્શનને સૂચનો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં આહિર કર્મયોગી મંડળના સ્થાપક પ્રમુખ ભરતભાઈ ડેર દ્વારા મંડળની કામગીરી બાબતે ઊંડાણ પૂર્વક ચર્ચાઓ કરી બે વર્ષમાં મંડળ દ્વારા કરાયેલા કાર્યોની ઝલક આપવામાં આવી હતી. પરિવર્તનશીલ નેતૃત્વ મુજબ સંસ્થાના પ્રમુખ દ્વારા નવા પ્રમુખ તરીકેનુ હિમાંશુભાઈ કાલસરીયાને સોંપવામાં આવ્યુ હતુ. આ તકે પ્રમુખ ભરતભાઈ ડેર અને નવ નિયુકત પ્રમુખ હિમાંશુભાઈ કલસરીયાને સમાજ અગ્રણીઓ દ્વારા સન્માનિત કરી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ સાથે આહીર સમાજના કર્મચારીઓ માટે નાણાકીય મદદ અને સામાજિક પ્રવૃત્તિઓને વેગવંતી બનાવવા માટે અમરેલી જિલ્લા આહીર કર્મચારી સહકારી શરાફી મંડળીની રચના કરી બીજી સંસ્થાના નિર્માણ માટે નિર્ણય લેવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ફોરેસ્ટ વિભાગના આઈએફએસ વિકાસ યાદવ, જીએસટી અધિકારી ગીતાબેન જીંજાળા, આયોજન અધિકારી ભરતભાઈ જીંજાળા, અમરેલી જિલ્લા આહિર સમાજના પ્રમુખ જીતુભાઈ ડેર, જિલ્લા પંચાયત સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ ,ભીખુભાઈ વાઘમસી, જિલ્લા ભાજપ મહામંત્રી રાજુભાઈ ભુતૈયા, મંડળના પ્રમુખ ભરતભાઈ ડેર, નવ નિયુકત પ્રમુખ હિમાંશુભાઈ કાલસરીયા સહીત સમાજના દાતાઓ, કર્મચારીઓ મંડળના હોદેદારો, રાજકીય અને સામાજિક આગેવાનો અને સમગ્ર જિલ્લામાંથી આહિર સમાજના કર્મચારી પરિવારો ઉપસ્થિત રહ્યા હતા. તો આ કાર્યક્રમને સફળ બનાવવા આહિર કર્મયોગી મંડળના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### મહુવા-જેતપુર નેશનલ હાઈવે ઉપર આવેલ માર્ગનું નિર્માણ કાર્ય શરૂ હોય

# અમરેલીથી બગસરા વચ્ચે હાઈવે નિર્માણમાં ગેરરીતિની ચર્ચા

બાબાપુરનાં પાટીયાથી જાળીયા પાટીયા સુધી માર્ગની બંને બાજુ મોરમને બદલે માટી પાથરવામાં આવી હોવાની ચર્ચા

પસાર થતાં અનેક વાહનો માટીમાં ફસાઈ જતાં હોવાનું પણ માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકોએ જણાવ્યું

નેશનલ હાઈવેનાં અધિકારીએ સ્થળ પરીક્ષણ કરીને સાચી હકીકત શું છે તેનો ખુલાસો કરવો જોઈએ

સાંસદ સહિતનાં જનપ્રતિનિધિઓએ પણ માર્ગ નિર્માણ કેવું ચાલી રહ્યું છે તે અંગે ચકાસણી કરવી જરૂરી






અમરેલી, તા. ૧૪

અમરેલીથી બગસરા વચ્ચે છેલ્લા એકાદ વર્ષથી નેશનલ હાઈવેનું નિર્માણ કાર્ય શરૂ છે. આ માર્ગ મહુવા–જેતપુર નેશનલ હાઈવે વચ્ચેનો હિસ્સો છે અને કાર્યમાં બાબાપુર પાટિયાથી જાળિયા પાટિયા વચ્ચે માર્ગની સાઈડમાં મોરમને બદલે માટીનું બુરાણ કરાયાનું વાહનચાલકો જણાવી રહ્યા છે.

વાહન ચાલકોનું કહેવું છે કે, માર્ગની સાઈડમાં માટી નાખવામાં આવે તો થોડા દિવસોમાં માટીનું ધોવાણ થઈ જશે અને માર્ગની કડ પડવાથી ભવિષ્યમાં અકસ્માત થવાની ભીતિ રહેશે.

આ અંગે નેશનલ હાઈવેનાં ઈન્ચાર્જ અધિકારીએ સ્થળ પરીક્ષણ કરીને માર્ગની સાઈડનું બુરાણ નિયમાનુસાર થાય છે કે કેમ તેની ચકાસણી કરીને ખરી હકીકત જનતા સમક્ષ રજુ કરીને દૂધનું દૂધ ને પાણીનું પાણી કરવું જોઈએ.

જો કે સરપંચથી લઈને સાંસદ સુધીનાં જનપ્રતિનિધિઓએ પણ માર્ગનું કાર્ય કેવું ચાલે છે તેની ચકાસણી કરવી જોઈએ. કારણ કે આજે મીડિયામાં હાઈવેનાં નિર્માણને લઈને અનેક ગેરરીતિનાં સમાચારો પ્રસિધ્ધ થતાં હોવાથી સ્વાભાવિકપણે જનતામાં પણ આ માર્ગની થતી કામગીરીને લઈને શંકા–કુશંકા થતી હોવાથી તપાસ જરૂરી બની છે.

### શ્રાવણ પહેલા તીનપતી શરૂ કરી

## ધારીમાં પાંચ મહિલાઓ સહિત ૭ પત્તાપ્રેમીઓ વિરૂઘ્ધ ફરિયાદ નોંધાઈ

### સ્થાનિક પોલીસે ૧૧૨૦૦ની રોકડ કબ્જે કરી

અમરેલી, તા. ૧૪

ધારી ગામે રહેતા આરોપી કૃપાલીબેન નિર્મળભાઈ મકવાણા, હંસાબેન દિલીપભાઈ બારૈયા, આશાબેન જયતાભાઈ વાળા, સીમાબેન નઝીમભાઈ લાલાણી, મીતાબેન પોપટભાઈ મકવાણા, જીતુભાઈ રામજીભાઈ ધંધુકીયા તથા ભુપતભાઈ મણીશંકરભાઈ દવે (રહે. નવાગામ ફતેગઢ) નામના સાતેય મહિલા/પુરૂષ ઈસમો ધારી ગામે જાહેરમાં તીનપતીનો હારજીતનો જુગાર રમતા હોય. ધારી પોલીસને બાતમી મળતા આ અંગે રેઈડ કરી સાતેય ઈસમોને રોકડ રકમ રૂપિયા ૧૧,૨૦૦ સાથે ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### ચીફ ઓફિસરે ટ્રાફિક ડાયવર્ટ કરવા જણાવ્યું

## અમરેલીમાં જિલ્લા પંચાયત માર્ગની ૧૫ દિવસ સુધી મરામત કરવાનો નિર્ણય

### જિલ્લા ટ્રાફિક પોલીસ ઈન્સ્પેકટરની મદદ માંગી

અમરેલી, તા. ૧૪

અમરેલીમાં ટ્રાફિકથી ધમધમતો જિલ્લા પંચાયતનાં માર્ગની મરામત ૧૬ જુલાઈથી ૩૦ જુલાઈ સુધી કરવાનો નિર્ણય લેવાયો છે.

જેથી, ચીફ ઓફિસરે જિલ્લા ટ્રાફિક પોલીસ ઈન્સ્પેકટરને પત્ર પાઠવીને આ રોડ પર વાહનોનાં પ્રવેશ અટકાવી શકાય અને કામગીરી સુચારૂરૂપે પુર્ણ થઈ શકે અને કામગીરી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે આ રોડનાં પ્રવેશ પોઈન્ટ પર જરૂરી બેરીકેટીંગ કરી જરૂરી ટ્રાફિક પોલીસ બંદોબસ્ત કાર્યરત કરી આપવા જણાવેલ છે.

### રાજુલા નજીક બંને વાહનો સામસામે આવી જતાં

## ખાનગી બસનાં ચાલકને ટ્રેકટર ચાલકે જાનથી મારી નાખવાની ધમકી આપી

### બસનાં ચાલકે સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૧૪

ગારીયાધાર તાલુકાના સાતપડા ગામે રહેતા અને ડ્રાઈવીંગ કરતા જયરાજસીંહ રણજીતસીંહ સરવૈયા નામના ૩૦ વર્ષીય ડ્રાઈવર તા. ૧૩ના સાંજના આશરે પાંચેક વાગ્યાની આસપાસ રાજુલા ટાઉનમાં રાજુલાથી ડુંગર તરફ જવાના રસ્તે જકાતનાકાથી આગળ વળાંકમાં પોતાના હવાલાની ટ્રાવેલ્સ બસ નં. એઆર–૧૧ એફ–૯૯૯૯માં પેસેન્જર બેસાડી સુરત મુકામે જતા હોય અને રાજુલા મુકામે બસ લઈને પહોંચતા રાજુલા તાલુકના વડલી ગામે રહેતા નરેશભાઈ ધાખડા તથા ખોડુભાઈ ધાખડા નામના બંન્ને આરોપીઓ સામેથી ટ્રેકટર લઈને આવતા હતા અને રસ્તો સાંકડો હોય જેથી બસ ચાલકે બસ રીવર્સ લઈ લીધેલ હોય અને આરોપીએ પોતાના હવાલાનુ ટ્રેકટર સાઈડમાંથી કાઢવા જતા હતા. ત્યારે બસ ચાલકે આરોપીને કહેલ કે ટ્રેકટર બસને અડી જશે. જેથી આરોપી કહેવા લાગેલ કે ટ્રેકટર તો અહીથી જ નીકળશે તેમ કહી બસ ચાલકને જેમતેમ ગાળો આપી આરોપીએ પોતાના હવાલાવાળુ ટ્રેકટર બસને આગળના મોરાના ભાગે ચારથી પાંચ વખત તથા સાઈડમાંથી ભટકાવી બસમાં આશરે રૂપિયા ૨૫,૦૦૦નું નુકસાન કરી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૧૦,પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of RPCA NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

સૌથી સસ્તું મોટરસાયકલ
દરેક પરિવારની પહેલી પસંદ
SHINE 100 DX
₹71,265/-



પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.
ફોન નં. ૦૨૭૯૨-૨૨૬૨૦૧-૦૨, મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

હમરાજ ગાઠીયા હાઉસ
શુધ્ધ સીંગતેલમાં ગરમા-ગરમ વણેલા ગાઠીયા
અમારે ત્યાં સવારે ૭ થી બપોરે ૧ સુધી
દર શનિવારે અને મંગળવારે તાજે-તાજી શુધ્ધ માહી ઘી માં ડ્રાયફ્રુટથી ભરપુર મીઠી ગુંદી મળશે
બપોર પછી ૬ થી ૯ સુધી તમામ ફરસાણ શુધ્ધ સીંગતેલમાં મળશે ૧ કિલોનો ભાવ માત્ર રૂા. ૨૮૦/-માં
સ્થળ : જુના માર્કેટયાર્ડના ગેઇટની સામે, ક્રિષ્ના ડાઈનિંગ હોલની નીચે, અમરેલી
સંપર્ક ભાણાભાઈ મો : ૯૭૩૭૦ ૫૮૧૬૪

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.



DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH
S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

MORE COMFORT



Long Comfortable Seat
Underseat Storage 21L
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

શિવ ફરસાણ (ધારીવાળા)



સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મસાલે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે.લીલીયા રોડ.અમરેલી.

HF Deluxe
Hero
ALL NEW HF Deluxe
A PERFECT BLEND OF POWER, STYLE & MILEAGE
CASH DISCOUNT ₹2100



POWERED BY TRUST. BUILT FOR INDIA.
BOOK NOW
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

### સરહદોની સુરક્ષા માટે ભારતનું મોટું પગલું

# ૧૫ હજાર કરોડના ખર્ચે ભારત બનાવશે હાઈ ઓલ્ટિટ્યુડ એરશિપ

## ૨૦ કિલોમીટરથી વધુ ઊંચાઈએ મહિનાઓ સુધી ઉડી શકશે એરશિપ; ચીનની ગતિવિધિઓ પર નજર રાખવામાં મળશે મદદ

નવી દિલ્હી, તા.૧૪

ભારત પોતાની સંરક્ષણ ક્ષમતાને વધુ મજબૂત બનાવવા માટે હાઈ ઑલ્ટિટ્યુડ એરશિપ (High Altitude Airship) વિકસાવવાની મહત્ત્વાકાંક્ષી યોજના પર કામ શરૂ કરી રહ્યું છે. અંદાજે ૧૫ હજાર કરોડના ખર્ચે તૈયાર થનારો આ પ્રોજેક્ટ સંરક્ષણ મંત્રાલયની 'મેક-૧' યોજના હેઠળ અમલમાં મૂકવામાં આવશે. આ સ્વદેશી એરશિપ ૨૦ કિલોમીટરથી વધુ ઊંચાઈએ લાંબા સમય સુધી ઉડાન ભરવામાં સક્ષમ હશે અને સરહદી વિસ્તારોમાં સતત દેખરેખ રાખવા, ગુપ્તચર માહિતી એકત્રિત કરવા તેમજ સંદેશાવ્યવહાર વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટ ભારતીય વાયુસેનાના ડાયરેક્ટોરેટ ઓફ ઓપરેશન્સની દેખરેખ હેઠળ વિકસાવવામાં આવશે.

એરશિપને 'એરશિપ-બેઝ્ડ હાઈ ઑલ્ટિટ્યુડ સ્યુડો સેટેલાઈટ (HAPS)' તરીકે વિકસાવવામાં આવશે, જે મહિનાઓ સુધી આકાશમાં રહીને સતત કામગીરી કરી શકશે. તેમાં અત્યાધુનિક રડાર, હાઈ-રિઝોલ્યૂશન કેમેરા અને ઈલેક્ટ્રોનિક ઈન્ટેલિજન્સ સિસ્ટમ જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

નિષ્ણાતોના જણાવ્યા મુજબ, આ સિસ્ટમ ડ્રોન અને સેટેલાઈટ વચ્ચે રહેલા ટેક્નિકલ અંતરને દૂર કરશે. સામાન્ય ડ્રોન આશરે ૧૨ કિલોમીટર સુધીની ઊંચાઈએ કાર્ય કરી શકે છે, જ્યારે લો-અર્થ ઓર્બિટ સેટેલાઈટ્સ ૫૦૦થી ૨,૦૦૦ કિલોમીટરની ઊંચાઈએ કાર્યરત હોય છે. હાઈ ઑલ્ટિટ્યુડ એરશિપ આ બંને વચ્ચે રહીને લાંબા સમય સુધી એક જ વિસ્તારમાં સતત નજર રાખવાની સુવિધા પૂરી પાડશે. ઉપરાંત, તે જમીન પરથી સેટેલાઈટ સુધી સુરક્ષિત ડેટા ટ્રાન્સમિશનમાં પણ મદદરૂપ બનશે.સંરક્ષણ મંત્રાલય આ પ્રોજેક્ટ માટે ઓછામાં ઓછી બે ખાનગી ભારતીય કંપનીઓની પસંદગી કરશે. કંપનીઓની પસંદગી તેમની ટેક્નિકલ કુશળતા, સંશોધન ક્ષમતા અને નાણાકીય સક્ષમતાના આધારે કરવામાં આવશે. સરકાર સંશોધન અને વિકાસ ખર્ચનો મોટો હિસ્સો પણ વહન કરશે, જેથી સ્વદેશી ટેક્નોલોજીને પ્રોત્સાહન મળી શકે. ભારતે મે ૨૦૨૫માં મધ્યપ્રદેશમાં લગભગ ૧૭ કિલોમીટરની ઊંચાઈએ એરશિપનું સફળ પરીક્ષણ કર્યું હતું. હવે નવા પ્રોજેક્ટ દ્વારા વધુ ઊંચાઈ અને લાંબા સમય સુધી કામગીરી કરવાની ક્ષમતા વિકસાવવામાં આવશે.

સંરક્ષણ નિષ્ણાતોના મતે, આ એરશિપ ભારત માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. ખાસ કરીને ચીન સાથેની સરહદો પર સતત દેખરેખ, સંવેદનશીલ વિસ્તારોની મોનિટરિંગ અને રિયલ-ટાઈમ ઈન્ટેલિજન્સ મેળવવામાં આ ટેક્નોલોજી મહત્વની ભૂમિકા ભજવશે. સાથે જ ભવિષ્યમાં દેશની સર્વેલન્સ અને સુરક્ષા વ્યવસ્થાને નવી દિશા મળશે.

### હોર્મુઝમાં વધતા તણાવથી વૈશ્વિક બજારોમાં ચિંતા

# ક્રૂડ ઓઈલના ભાવમાં જોરદાર ઉછાળો, ભારત સહિત વિશ્વની અર્થવ્યવસ્થા પર ખતરો

## હોર્મુઝ સ્ટ્રેટમાં વધતી અસ્થિરતાથી તેલ પુરવઠા પર જોખમ, લાંબો સંઘર્ષ ચાલે તો ક્રૂડ ૧૨૦ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે તેવી નિષ્ણાતોની ચેતવણી

નવી દિલ્હી, તા.૧૪

અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા સૈન્ય સંઘર્ષની અસર હવે વૈશ્વિક અર્થવ્યવસ્થા પર સ્પષ્ટ રીતે જોવા મળી રહી છે. હોર્મુઝ સ્ટ્રેટમાં વધતા તણાવ અને વેપારી જહાજોની સુરક્ષા અંગે ઉભી થયેલી ચિંતાઓના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં નોંધપાત્ર તેજી જોવા મળી છે. મંગળવારે બ્રેન્ટ ક્રૂડનો ભાવ પ્રતિ બેરલ ૮૪ ડોલરથી ઉપર પહોંચી ગયો હતો, જ્યારે અમેરિકન ડબ્લ્યુટીઆઈ (WTI) ક્રૂડ પણ ૮૦ ડોલરની આસપાસ ટ્રેડ થઈ રહ્યો હતો. ઊર્જા બજારના નિષ્ણાતોનું માનવું છે કે જો મધ્ય પૂર્વમાં હાલનો સંઘર્ષ લાંબો ચાલશે તો ક્રૂડ ઓઈલ ફરી એકવાર ૧૦૦થી ૧૨૦ ડોલર પ્રતિ બેરલની સપાટીએ પહોંચી શકે છે.હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી વ્યસ્ત અને વ્યૂહાત્મક દરિયાઈ માર્ગોમાંનો એક છે. ઈરાન, ઓમાન અને યુનાઈટેડ આરબ અમીરાત (UAE) વચ્ચે આવેલો આ દરિયાઈ માર્ગ વૈશ્વિક ઊર્જા વેપાર માટે અત્યંત મહત્વનો માનવામાં આવે છે. દુનિયાના કુલ ક્રૂડ ઓઈલ અને એલએનજી (LNG) પુરવઠાનો લગભગ ૨૦ ટકા હિસ્સો આ માર્ગ પરથી પસાર થાય છે. આવી સ્થિતિમાં અહીં કોઈપણ પ્રકારની સૈન્ય કાર્યવાહી અથવા જહાજોની અવરજવરમાં વિક્ષેપ સર્જાય તો તેની સીધી અસર વૈશ્વિક તેલ બજાર અને ઊર્જા પુરવઠા પર પડે છે.

તાજેતરના દિવસોમાં વેપારી જહાજો પર હુમલા અને ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લઈને ઉભી થયેલી સુરક્ષા ચિંતાઓને કારણે આંતરરાષ્ટ્રીય કોમોડિટી બજારમાં અસ્થિરતા વધી છે. રોકાણકારો સુરક્ષિત રોકાણ તરફ વળી રહ્યા છે, જ્યારે અનેક દેશો પોતાના વ્યૂહાત્મક ઓઈલ ભંડાર પર નજર રાખી રહ્યા છે.વિશ્લેષકોનું કહેવું છે કે જો સંઘર્ષ વધુ વિકરાળ બનશે અને મુખ્ય ઓઈલ નિકાસ માર્ગો પ્રભાવિત થશે તો વૈશ્વિક સપ્લાય ચેઈન પર ગંભીર અસર થઈ શકે છે.

ભારત માટે પણ આ પરિસ્થિતિ મહત્વપૂર્ણ છે, કારણ કે દેશ પોતાની ક્રૂડ ઓઈલની જરૂરિયાતનો મોટો ભાગ આયાત દ્વારા પૂરો કરે છે. જો હોર્મુઝ સ્ટ્રેટમાં અવરોધ સર્જાશે તો આયાત ખર્ચ વધશે, જેના કારણે પેટ્રોલ, ડીઝલ, એલપીજી અને એવિએશન ફ્યુઅલના ભાવમાં વધારો થઈ શકે છે. તેની સીધી અસર મોંઘવારી, પરિવહન ખર્ચ અને ઔદ્યોગિક ઉત્પાદન પર પડી શકે છે. રૂપિયો પણ દબાણ હેઠળ આવી શકે છે, જેના કારણે આયાત વધુ મોંઘી બનવાની શક્યતા છે.આર્થિક નિષ્ણાતો માને છે કે આગામી કેટલાક દિવસોમાં મધ્ય પૂર્વની સ્થિતિ પર વિશ્વના નાણાકીય બજારોની નજર રહેશે. જો રાજદ્વારી પ્રયાસો સફળ થશે તો તેલના ભાવમાં સ્થિરતા આવી શકે છે, પરંતુ સંઘર્ષ વધુ ઊંડો બનશે તો વૈશ્વિક શેરબજારો, ચલણ બજાર અને કોમોડિટી માર્કેટમાં વધુ અસ્થિરતા જોવા મળી શકે છે. ભારત સહિત અનેક દેશો માટે ઊર્જા સુરક્ષા અને મોંઘવારીનું સંચાલન આગામી દિવસોમાં સૌથી મોટો પડકાર બની શકે છે.

### હોર્મુઝ સ્ટ્રેટ પર ૨૦% ટોલના નિર્ણયથી વૈશ્વિક વિવાદ

# અમેરિકાને કોઈ અધિકાર નથી, લૂંટારું ન બને – બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા ભડક્યા

## આંતરરાષ્ટ્રીય નિયમોનું પાલન કરવાની આપી સલાહ; મુક્ત સમુદ્રી નેવિગેશન પર ઊભા થયા નવા સવાલો

બ્રાસિલિયા, તા.૧૪

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા કાર્ગો જહાજો પર ૨૦ ટકા ટોલ ટેક્સ વસૂલવાની જાહેરાત બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચા અને વિરોધ શરૂ થયો છે. બ્રાઝિલના રાષ્ટ્રપતિ લૂઈસ ઈનાસિયો લુલા દા સિલ્વાએ ટ્રમ્પના આ નિર્ણયની કડક ટીકા કરતાં કહ્યું કે અમેરિકા જેવા શક્તિશાળી દેશે દરિયાઈ લૂંટારું બનવાનો પ્રયાસ ન કરવો જોઈએ. તેમણે આ નિર્ણયને "જૂના જમાનાની ડાકુગીરી" સાથે સરખાવ્યો અને આંતરરાષ્ટ્રીય સમુદ્રી કાયદાનું પાલન કરવાની અમેરિકાને સલાહ આપી.ટ્રમ્પે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે અમેરિકા હવે હોર્મુઝ સ્ટ્રેટની સુરક્ષામાં વધુ સક્રિય ભૂમિકા ભજવશે. તેમના જણાવ્યા મુજબ આ જળમાર્ગમાંથી પસાર થતા તમામ વેપારી જહાજો પાસેથી ૨૦ ટકા ટોલ વસૂલવામાં આવશે, જેથી સુરક્ષા વ્યવસ્થાનો ખર્ચ ઉઠાવી શકાય. ટ્રમ્પે આ યોજના તાત્કાલિક અમલમાં મૂકવાની વાત પણ કરી હતી.આ નિવેદન બાદ બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલાએ જણાવ્યું કે હોર્મુઝ સ્ટ્રેટ આંતરરાષ્ટ્રીય જળમાર્ગ છે અને તેના ઉપયોગ માટે એકતરફી રીતે કોઈ દેશ ચાર્જ વસૂલી શકે નહીં. તેમણે ભારપૂર્વક કહ્યું કે સમુદ્રી માર્ગો તમામ દેશો માટે મુક્ત અને સમાન અધિકાર સાથે ખુલ્લા રહેવા જોઈએ. તેમના મતે આવી કાર્યવાહી આંતરરાષ્ટ્રીય વેપાર અને વૈશ્વિક અર્થવ્યવસ્થા પર નકારાત્મક અસર કરી શકે છે.હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ જળમાર્ગોમાંનો એક માનવામાં આવે છે. મધ્ય પૂર્વમાંથી નિકાસ થતું મોટા પ્રમાણમાં કાચું તેલ અને કુદરતી ગેસ આ માર્ગ દ્વારા વિશ્વના વિવિધ દેશોમાં પહોંચે છે. તેથી અહીં કોઈપણ પ્રકારનો વધારાનો ચાર્જ અથવા રાજકીય વિવાદ વૈશ્વિક ઊર્જા બજાર અને શિપિંગ ઉદ્યોગને સીધી અસર કરી શકે છે.આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક નિષ્ણાતોએ પણ ટ્રમ્પના પ્રસ્તાવ અંગે સવાલો ઉઠાવ્યા છે. તેમનું માનવું છે કે આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પર મુક્ત નેવિગેશનનો સિદ્ધાંત લાંબા સમયથી સ્વીકારાયેલો છે અને કોઈપણ દેશ દ્વારા એકતરફી ટોલ વસૂલવાનો પ્રયાસ કાનૂની અને રાજદ્વારી વિવાદ ઊભો કરી શકે છે.ટ્રમ્પની જાહેરાત અને લુલાની પ્રતિક્રિયા બાદ હવે વિશ્વનું ધ્યાન આ મુદ્દા પર કેન્દ્રિત થયું છે. આગામી દિવસોમાં અન્ય દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનું વલણ શું રહેશે અને અમેરિકા આ નિર્ણયને અમલમાં મૂકે છે કે નહીં, તેના પર સમગ્ર વિશ્વની નજર રહેશે.

### GSTથી સરકારની આવકમાં સતત તેજી

# મોંઘવારીનો માર યથાવત, GST વસૂલાતમાં સતત વધારો

## જૂનમાં રિટેલ ફુગાવો ૪.૩૮% અને ખાદ્ય ફુગાવો ૫.૩૨%; બીજી તરફ GST કલેક્શન ૧.૯૫ લાખ કરોડે પહોંચતાં સરકારની આવક મજબૂત

નવી દિલ્હી, તા.૧૪

દેશમાં મોંઘવારી ફરી એકવાર સામાન્ય લોકો માટે ચિંતાનો વિષય બની છે. જૂન મહિનામાં રિટેલ ફુગાવો વધીને ૪.૩૮ ટકા પર પહોંચ્યો છે, જે છેલ્લા ૧૭ મહિનાનો સૌથી ઊંચો સ્તર છે. આ આંકડો ભારતીય રિઝર્વ બેંક (RBI)ના ૪ ટકાના મધ્યમ લક્ષ્યાંકથી પણ વધુ છે. સતત વધતી મોંઘવારીના કારણે સામાન્ય પરિવારોના ઘરેલુ બજેટ પર દબાણ વધી રહ્યું છે, જ્યારે બીજી તરફ સરકારની GST આવક સતત નવા રેકોર્ડ બનાવી રહી છે.સરકારી આંકડા મુજબ મે મહિનામાં રિટેલ ફુગાવો ૩.૯૩ ટકા હતો, જે જૂનમાં વધીને ૪.૩૮ ટકા થયો છે. વર્ષની શરૂઆતમાં જાન્યુઆરીમાં ફુગાવો માત્ર ૨.૭૪ ટકા હતો, પરંતુ ત્યારબાદ દર મહિને તેમાં વધારો નોંધાયો છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર ઈંધણના વધતા ભાવ, પરિવહન ખર્ચમાં વધારો અને કેટલાક ખાદ્ય પદાર્થોના ભાવમાં તેજી આ વધારાના મુખ્ય કારણો છે.

ખાદ્ય ફુગાવો પણ જૂનમાં વધીને ૫.૩૨ ટકા થયો છે. ગ્રામ્ય વિસ્તારોમાં ખાદ્ય મોંઘવારી ૫.૪૫ ટકા જ્યારે શહેરી વિસ્તારોમાં ૫.૦૯ ટકા નોંધાઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાં કુલ ફુગાવો ૪.૭૪ ટકા સુધી પહોંચ્યો છે, જ્યારે શહેરી વિસ્તારોમાં તે ૩.૯૨ ટકા રહ્યો છે. પરિવહન સંબંધિત ખર્ચમાં નોંધપાત્ર વધારો થતાં દૈનિક જીવન માટે જરૂરી ચીજવસ્તુઓના ભાવ પર પણ તેની અસર જોવા મળી રહી છે.

આર્થિક વિશ્લેષકોનું કહેવું છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ, હવામાનની સ્થિતિ અને કૃષિ ઉત્પાદન આગામી મહિનાઓમાં મોંઘવારીની દિશા નક્કી કરશે. જો વૈશ્વિક ઊર્જા બજારમાં અસ્થિરતા યથાવત રહેશે તો ફુગાવા પર વધુ દબાણ આવી શકે છે.

બીજી તરફ, સરકારની કર આવક સતત વધી રહી છે. જૂન મહિનામાં GST કલેક્શન ૧.૯૫ લાખ કરોડ સુધી પહોંચ્યું, જે છેલ્લા ૧૩ મહિનાનો સૌથી ઝડપી વાર્ષિક વધારો ગણાય છે. આ પહેલા એપ્રિલ મહિનામાં GST વસૂલાતે ૨.૪૩ લાખ કરોડનો સર્વોચ્ચ રેકોર્ડ બનાવ્યો હતો. સરકારી આંકડા દર્શાવે છે કે મે ૨૦૨૫થી મે ૨૦૨૬ દરમિયાન GST કલેક્શનમાં અંદાજે ૨૬ ટકાનો વધારો નોંધાયો છે.

આ પરિસ્થિતિમાં એક તરફ સરકારની આવક મજબૂત બની રહી છે, જ્યારે બીજી તરફ સામાન્ય નાગરિકોને રોજિંદા ખર્ચમાં વધારો સહન કરવો પડી રહ્યો છે. અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે આગામી સમયમાં સરકાર અને રિઝર્વ બેંક માટે મોંઘવારીને નિયંત્રણમાં રાખવી અને આર્થિક વૃદ્ધિ જાળવવી સૌથી મોટો પડકાર રહેશે. જો ઈંધણ અને ખાદ્ય પદાર્થોના ભાવમાં રાહત નહીં મળે તો મધ્યમવર્ગ અને નીચા આવકવર્ગ પર આર્થિક દબાણ વધુ વધી શકે છે.

### આઠ મહિના સુધી ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં કરશે સંશોધન

# ભારતીય વંશના નાસા એસ્ટ્રોનોટ અનિલ મેનનનું પ્રથમ સ્પેસ મિશન

## કઝાખસ્તાનથી સોયુઝ MS-29 દ્વારા ઉડાન ભરશે; અવકાશમાં માનવ આરોગ્ય અને ભવિષ્યના ડીપ-સ્પેસ મિશન માટે મહત્વપૂર્ણ પ્રયોગો હાથ ધરશે

વોશિંગ્ટન, તા.૧૪

ભારતીય મૂળના નાસા (NASA)ના એસ્ટ્રોનોટ ડૉ. અનિલ મેનન આજે પોતાના પ્રથમ અંતરિક્ષ મિશનની શરૂઆત કરવા જઈ રહ્યા છે. તેઓ કઝાખસ્તાનના બૈકોનૂર કોસ્મોડ્રોમથી રશિયાના સોયુઝ સ્જી-૨૯ અવકાશયાન દ્વારા ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) તરફ રવાના થશે. આ મિશન દરમિયાન તેઓ લગભગ આઠ મહિના સુધી અવકાશમાં રહી વૈજ્ઞાનિક અને તબીબી ક્ષેત્રે મહત્વપૂર્ણ સંશોધનો કરશે. તેમની સાથે રોસકોસ્મોસના બે અનુભવી કોસ્મોનોટ્સ પણ આ મિશનમાં જોડાશે.૪૯ વર્ષીય ડૉ. અનિલ મેનન વ્યવસાયે ઈમર્જન્સી મેડિસિન ફિઝિશિયન છે અને તેઓ અમેરિકાની સ્પેસ ફોર્સમાં કર્નલ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. તબીબી વિજ્ઞાન અને અંતરિક્ષ સંશોધનનો તેમનો અનુભવ તેમને આ મિશન માટે ખાસ બનાવે છે. ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં તેઓ લાંબા સમય સુધી માઈક્રોગ્રાવિટીમાં માનવ શરીર પર થતી અસરો, અવકાશમાં આરોગ્ય વ્યવસ્થા અને ભવિષ્યના લાંબા અંતરના સ્પેસ મિશન માટે જરૂરી તબીબી ટેક્નોલોજી પર સંશોધન કરશે.અનિલ મેનનનો જન્મ અમેરિકામાં ભારતીય પિતા અને યુક્રેનિયન માતાના પરિવારમાં થયો હતો. તેમણે મેડિસિન, મિલિટરી અને સ્પેસ સાયન્સ જેવા વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. નાસામાં જોડાતા પહેલાં તેઓ અમેરિકન એર ફોર્સમાં ફરજ બજાવી ચૂક્યા છે અને અફઘાનિસ્તાનમાં સેવા આપવાનો પણ અનુભવ ધરાવે છે. ઉપરાંત, તેમણે હિમાલયન રેસ્ક્યુ એસોસિએશન સાથે મળીને એવરેસ્ટ સર કરવા જતા પર્વતારોહકોને તબીબી સહાય પણ પૂરી પાડી હતી.ભારત સાથે પણ તેમનો ખાસ સંબંધ રહ્યો છે. તેઓ પોલિયો રસીકરણ અભિયાનમાં સક્રિય રીતે જોડાયા હતા અને ૨૦૨૧ દરમિયાન ભારતમાં આરોગ્ય સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓમાં યોગદાન આપ્યું હતું. તેમની આ સફર વિશ્વભરના ભારતીયો માટે ગૌરવની ક્ષણ માનવામાં આવી રહી છે.આ મિશન દરમિયાન એકત્રિત થનારા વૈજ્ઞાનિક ડેટા ભવિષ્યમાં ચંદ્ર અને મંગળ જેવા લાંબા અંતરના અવકાશ મિશનો માટે ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે છે. માઈક્રોગ્રાવિટી દરમિયાન માનવ શરીરમાં થતા ફેરફારોને સમજવા, નવી સારવાર પદ્ધતિઓ વિકસાવવા અને અવકાશમાં લાંબા સમય સુધી માનવ જીવનને સુરક્ષિત બનાવવા માટે આ સંશોધન મહત્વપૂર્ણ ગણાય છે.ડૉ. અનિલ મેનનનું આ પ્રથમ અંતરિક્ષ મિશન માત્ર નાસા માટે જ નહીં, પરંતુ ભારતીય મૂળના વૈજ્ઞાનિકો માટે પણ એક ઐતિહાસિક સિદ્ધિ માનવામાં આવી રહ્યું છે. તેમની સફળતા વિશ્વભરના યુવાનોને વિજ્ઞાન, તબીબી સંશોધન અને અંતરિક્ષ ક્ષેત્રમાં નવી ઊંચાઈઓ સર કરવાની પ્રેરણા આપશે.

### રશિયા સામે EUના નવા પ્રતિબંધો પર નિર્ણય ટળ્યા

# યુરોપિયન યુનિયનના પ્રતિબંધો પર સહમતિ ન બનતા ભારતને રાહત

## રશિયન તેલ, નિકાસ અને વૈશ્વિક વેપાર પર અનિશ્ચિતતા યથાવત; પ્રતિબંધોના ૨૧મા પેકેજ પર સભ્ય દેશોમાં મતભેદ

બ્રસેલ્સ, તા.૧૪

યુરોપિયન યુનિયન (EU)ના સભ્ય દેશો રશિયા સામેના નવા પ્રતિબંધોના ૨૧મા પેકેજ પર સર્વસંમતિ હાંસલ કરવામાં નિષ્ફળ રહેતા વૈશ્વિક વેપાર ક્ષેત્રમાં નવી ચર્ચા શરૂ થઈ છે. સોમવારે યોજાયેલી વિદેશ મંત્રીઓની બેઠકમાં વિવિધ સભ્ય દેશો વચ્ચે મતભેદ જોવા મળતાં નવા પ્રતિબંધો અંગે અંતિમ નિર્ણય ટળી ગયો છે. આ વિકાસને ભારત સહિત એવા દેશો માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે, જે રશિયા અને યુરોપિયન બજારો બંને સાથે વ્યાપારી સંબંધો જાળવી રહ્યા છે.ભારત હાલમાં રશિયાથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલની આયાત કરે છે, જ્યારે યુરોપિયન યુનિયન ભારતના મુખ્ય નિકાસ બજારોમાંનો એક છે. તેથી નવા પ્રતિબંધો અંગે અનિશ્ચિતતા દૂર ન થતાં ભારત માટે હાલની વેપાર વ્યવસ્થા યથાવત રહેવાની શક્યતા વધી છે. જોકે, ભવિષ્યમાં ઈં દ્વારા લેવાતા નિર્ણયો પર સ્થિતિ નિર્ભર રહેશે.

બેઠક દરમિયાન રશિયા સામે વધુ કડક પ્રતિબંધો, ખાસ કરીને ઊર્જા ક્ષેત્ર અને તેલની કિંમતોને લગતા પગલાં અંગે ચર્ચા થઈ હતી. પરંતુ તમામ સભ્ય દેશો વચ્ચે સહમતિ ન બનતા પ્રસ્તાવ આગળ વધી શક્યો નહીં. અહેવાલો મુજબ, કેટલાક દેશોએ આર્થિક અને ઊર્જા સુરક્ષાને ધ્યાનમાં રાખીને વધુ ચર્ચાની જરૂરિયાત દર્શાવી હતી. પ્રતિબંધોના પ્રસ્તાવમાં રશિયન ક્રૂડ ઓઈલ પર લાગુ પ્રાઈસ કેપની વ્યવસ્થા, કેટલીક આયાત-નિકાસ પર નિયંત્રણ અને અન્ય વેપાર સંબંધિત પગલાંનો સમાવેશ થતો હતો. જોકે, અંતિમ મંજૂરી ન મળતાં હાલની સ્થિતિમાં કોઈ તાત્કાલિક ફેરફાર થયો નથી.

ઊર્જા બજારના નિષ્ણાતોનું માનવું છે કે રશિયન તેલ અંગેની નીતિમાં કોઈપણ ફેરફાર વૈશ્વિક ક્રૂડ બજાર પર સીધી અસર કરી શકે છે. ખાસ કરીને મધ્ય પૂર્વમાં વધતા ભૂરાજકીય તણાવ વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવ પહેલાથી જ અસ્થિર છે. આવી સ્થિતિમાં યુરોપિયન યુનિયનનો આગામી નિર્ણય આંતરરાષ્ટ્રીય બજારો માટે મહત્વપૂર્ણ રહેશે.

ભારત માટે આ સ્થિતિ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. એક તરફ ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો માટે રશિયન તેલની આયાત ચાલુ રાખી શકે છે, તો બીજી તરફ યુરોપિયન દેશો સાથે વેપાર અને નિકાસમાં પણ હાલ કોઈ નવા અવરોધ ઊભા થયા નથી. જોકે, નિષ્ણાતોનું કહેવું છે કે આને કાયમી રાહત તરીકે જોવી યોગ્ય નહીં હોય, કારણ કે EUના પ્રતિબંધો અંગેની ચર્ચા હજુ પૂર્ણ થઈ નથી.

હાલ વૈશ્વિક બજારોની નજર યુરોપિયન યુનિયનની આગામી બેઠક અને રશિયા સામેના પ્રતિબંધો અંગે લેવાનારા અંતિમ નિર્ણય પર ટકેલી છે. આગામી દિવસોમાં લેવાતા નિર્ણયોથી વૈશ્વિક ઊર્જા વેપાર, તેલના ભાવ અને આંતરરાષ્ટ્રીય વેપાર સંબંધો પર મહત્વપૂર્ણ અસર પડી શકે છે.

### હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા બાદ રાજકીય ગરમાવો આવી ગયો

# અયોધ્યા બાદ હવે મથુરા-વૃંદાવનમાં સપા વિરુદ્ધ પોસ્ટર વોર

## પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ગોવર્ધન ચોકડી તથા FCI પાસે લાગેલા બંને વિવાદાસ્પદ હોર્ડિંગ્સને તાત્કાલિક અસરથી હટાવી દીધા હતા

લખનૌ, તા.૧૪

ઉત્તર પ્રદેશના મથુરા-વૃંદાવનમાં વિવાદાસ્પદ હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા બાદ રાજકીય ગરમાવો આવી ગયો છે.ગોવર્ધન ચોકડી પાસે હાઈવે અને FCI ગોડાઉન નજીક લગાવવામાં આવેલા આ હોર્ડિંગ્સમાં સમાજવાદી પાર્ટી (SP)ના સ્થાપક દિવંગત મુલાયમ સિંહ યાદવ અને રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવને એક ધર્મ વિશેષની ટોપી પહેરેલા દર્શાવવામાં આવ્યા છે.આ સાથે જ હોર્ડિંગ પર "દિલમાં બાબર, મુખમાં રામ..."જેવા આપત્તિજનક નારા પણ લખવામાં આવ્યા હતા.જેને લઈને સ્થાનિક લોકોની નજર આ હોર્ડિંગ્સ પર પડતા જ તેના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ ગયા હતા.આ ઘટનાની જાણ થતાં જ સમાજવાદી પાર્ટીના કાર્યકરોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો. કાર્યકરોએ તેને પાર્ટીની છબી ખરડાવવાનું અને જાણીજોઈને રાજકીય માહોલ બગાડવાનું ષડયંત્ર ગણાવી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. મામલો બિચકે તે પહેલા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ગોવર્ધન ચોકડી તથા FCI પાસે લાગેલા બંને વિવાદાસ્પદ હોર્ડિંગ્સને તાત્કાલિક અસરથી હટાવી દીધા હતા.પ્રાથમિક માહિતી મુજબ, સોમવારે મોડી રાત્રે અંધારાનો લાભ લઈને કોઈ અજાણ્યા તત્વો દ્વારા આ કૃત્ય કરવામાં આવ્યું હોવાની આશંકા છે. આ મામલે સપાના જિલ્લા પ્રમુખ વીરેન્દ્ર યાદવે ઘટનાની આકરી નિંદા કરતા જણાવ્યું હતું કે,એક સુઆયોજિત ષડયંત્ર હેઠળ સમાજવાદી પાર્ટી અને તેના ટોચના નેતૃત્વને બદનામ કરવાનો આ પ્રયાસ છે. લોકશાહીમાં રાજકીય મતભેદો હોવા સ્વાભાવિક છે, પરંતુ આ પ્રકારની આપત્તિજનક હરકતો સામાજિક સૌહાર્દ અને લોકતાંત્રિક મર્યાદાઓની વિરુદ્ધ છે.નોંધનીય છે કે, મથુરા પહેલા ઉત્તર પ્રદેશના અયોધ્યા અને બારાબંકી જિલ્લામાં પણ બરાબર આવા જ વિવાદાસ્પદ પોસ્ટરો જોવા મળ્યા હતા. હાલ મથુરા પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસીને અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

# વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડમાં કથિત ચાંદી કૌભાંડ કેસે પકડ્યો વેગ

## કથિત નકલી અને મિલાવટયુક્ત ચાંદીના મામલે તપાસ આગળ વધી; ૨૯ જુલાઈએ આગામી સુનાવણી, તમામ દસ્તાવેજો રજૂ કરવા કોર્ટનો નિર્દેશ

જમ્મુ, તા.૧૪

જમ્મુ-કાશ્મીરના વિશ્વવિખ્યાત શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડ સાથે સંકળાયેલા કથિત ચાંદી કૌભાંડના મામલે જમ્મુની અદાલતે મહત્વપૂર્ણ કાર્યવાહી કરી છે. ભક્તો દ્વારા ચઢાવવામાં આવેલી ચાંદીમાં કથિત રીતે નકલી અથવા મિલાવટયુક્ત સામગ્રીના ઉપયોગ સંબંધિત કેસમાં ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (CJM)ની અદાલતે ક્રાઈમ બ્રાન્ચના તપાસ અધિકારીને આગામી સુનાવણીમાં તમામ સંબંધિત દસ્તાવેજો અને રેકોર્ડ સાથે વ્યક્તિગત રીતે હાજર રહેવાનો આદેશ આપ્યો છે.

કેસમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે મંદિરમાં વર્ષો દરમિયાન ચઢાવવામાં આવેલી ચાંદીના સંચાલન અને ગુણવત્તા અંગે ગંભીર અનિયમિતતાઓ થઈ હતી. રજૂ કરાયેલા દાવાઓ મુજબ આ મામલાની સંભવિત કિંમત અંદાજે ૫૫૦ કરોડથી વધુ હોવાનું કહેવાય છે. જોકે, આ આંકડા અને અન્ય આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ તપાસ પૂર્ણ થયા બાદ જ થશે.

કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે કેસની પારદર્શક અને અસરકારક તપાસ માટે તમામ મૂળ દસ્તાવેજો, તપાસની નોંધો અને સંબંધિત રેકોર્ડ રજૂ કરવો જરૂરી છે. આથી ક્રાઈમ બ્રાન્ચના તપાસ અધિકારીને વ્યક્તિગત હાજરી સાથે સંપૂર્ણ કેસ ફાઈલ રજૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. કેસની આગામી સુનાવણી ૨૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ નિર્ધારિત કરવામાં આવી છે.

શ્રી માતા વૈષ્ણોદેવી મંદિર દેશના સૌથી મોટા અને પ્રતિષ્ઠિત ધાર્મિક સ્થળોમાંનું એક છે, જ્યાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ દર્શન કરવા પહોંચે છે. ભક્તો દ્વારા સોનું, ચાંદી, રોકડ અને અન્ય કિંમતી વસ્તુઓના રૂપમાં મોટી માત્રામાં દાન અર્પણ કરવામાં આવે છે. તેથી દાનના સંચાલનમાં પારદર્શિતા અને જવાબદારી જળવાઈ રહે તે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.કાનૂની નિષ્ણાતોના જણાવ્યા મુજબ, હાલ કોર્ટનો આદેશ તપાસ પ્રક્રિયાને વધુ અસરકારક બનાવવા માટેનો એક મહત્વપૂર્ણ તબક્કો છે. તપાસ દરમિયાન એકત્રિત થનારા પુરાવા, ફોરેન્સિક તપાસ અને નાણાકીય દસ્તાવેજોના આધારે જ આગળની કાર્યવાહી નક્કી થશે.આ કેસ ધાર્મિક સંસ્થાઓના વહીવટ અને દાનના પારદર્શક સંચાલન અંગે ફરી ચર્ચા જગાવી રહ્યો છે. હવે સૌની નજર આગામી સુનાવણી અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવનારા દસ્તાવેજો પર કેન્દ્રિત રહેશે.

### ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે નવા નિયમો અમલમાં

# ધોરણ ૧૦નું પાસ સર્ટિફિકેટ મેળવવા હવે ત્રીજી ભાષાનું આંતરિક મૂલ્યાંકન પાસ કરવું ફરજિયાત

## NEP ૨૦૨૦ હેઠળ ૨૦૨૭-૨૮થી અમલ; બોર્ડ પરીક્ષામાં નહીં પૂછાય છતાં શાળાની પરીક્ષા પાસ કર્યા વગર નહીં મળે પાસ સર્ટિફિકેટ

નવી દિલ્હી, તા.૧૪

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)એ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP ૨૦૨૦) અંતર્ગત ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે મહત્વપૂર્ણ ફેરફાર જાહેર કર્યો છે. નવા નિયમ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૮થી ધોરણ ૧૦નું પાસ સર્ટિફિકેટ મેળવવા માટે વિદ્યાર્થીઓએ ત્રીજી ભાષાના આંતરિક મૂલ્યાંકન (Internal Assessment)માં ફરજિયાત પાસ થવું પડશે. જોકે, આ વિષયની અલગ બોર્ડ પરીક્ષા લેવામાં આવશે નહીં, પરંતુ શાળા દ્વારા લેવામાં આવતી પરીક્ષામાં સફળતા મેળવવી અનિવાર્ય રહેશે.

CBSE દ્વારા જાહેર કરાયેલા પરિપત્ર અનુસાર આ નિયમ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં ધોરણ ૯માં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓથી લાગુ થશે. એટલે કે આ બેચ જ્યારે ૨૦૨૭-૨૮માં ધોરણ ૧૦માં પહોંચશે ત્યારે તેમને આ નવી વ્યવસ્થા હેઠળ અભ્યાસ કરવો પડશે. હાલ ધોરણ ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર આ નિયમ લાગુ નહીં પડે.

બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે ત્રીજી ભાષાને બોર્ડ પરીક્ષાનો ભાગ બનાવવામાં આવશે નહીં. તેમ છતાં, શાળા દ્વારા લેવામાં આવતા આંતરિક મૂલ્યાંકનમાં પાસ થયા વગર વિદ્યાર્થીઓને ધોરણ ૧૦નું અંતિમ પાસ સર્ટિફિકેટ આપવામાં આવશે નહીં. જો કોઈ વિદ્યાર્થી પ્રથમ પ્રયાસમાં નિષ્ફળ જશે તો શાળા દ્વારા તેને ફરીથી પરીક્ષા આપવાની તક આપવામાં આવશે, જેથી તે જરૂરી લાયકાત પૂર્ણ કરી શકે.ધોરણ ૯ના વિદ્યાર્થીઓ માટે પણ ખાસ જોગવાઈ કરવામાં આવી છે. જો કોઈ વિદ્યાર્થી ધોરણ ૯માં ત્રીજી ભાષાના મૂલ્યાંકનમાં નિષ્ફળ જાય તો તેને ધોરણ ૧૦માં પ્રમોટ કરવામાં આવશે, પરંતુ ધોરણ ૧૦ દરમિયાન તેને બાકી રહેલી પરીક્ષા પાસ કરવી ફરજિયાત રહેશે. આ વ્યવસ્થાનો હેતુ વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ બગડે નહીં અને સાથે ભાષા શિક્ષણની આવશ્યકતા પણ જળવાઈ રહે તે છે.CBSEએ અગાઉ જાહેર કરેલા માર્ગદર્શનમાં ધોરણ ૬થી ત્રણ ભાષાના ફોર્મ્યુલાનો પણ અમલ શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ ફોર્મ્યુલા મુજબ વિદ્યાર્થીઓએ ત્રણ ભાષાઓનો અભ્યાસ કરવો પડશે, જેમાંથી ઓછામાં ઓછી બે ભારતીય ભાષાઓ હોવી જરૂરી રહેશે. જે વિદ્યાર્થીઓએ અગાઉ વિદેશી ભાષા પસંદ કરી હશે તેઓ તેને ચાલુ રાખી શકશે, પરંતુ સાથે એક વધારાની ભારતીય ભાષા પણ ભણવી પડશે.આ નિર્ણયને લઈને કાનૂની પડકાર પણ ઊભો થયો છે અને મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો છે. અરજીકર્તાઓએ આ નિયમના અમલને થોડા વર્ષ માટે મુલતવી રાખવાની માંગ કરી છે. બીજી તરફ, કેન્દ્ર સરકારે અદાલતમાં રજૂઆત કરીને જણાવ્યું છે કે NEP ૨૦૨૦નો મુખ્ય હેતુ બહુભાષિત્વને પ્રોત્સાહન આપવાનો, ભારતીય ભાષાઓનું સંરક્ષણ કરવાનો અને વિદ્યાર્થીઓમાં ભાષાકીય કૌશલ્ય વિકસાવવાનો છે.શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતોનું માનવું છે કે આ ફેરફારથી વિદ્યાર્થીઓમાં વિવિધ ભાષાઓ પ્રત્યે રસ વધશે અને નવી શિક્ષણ નીતિના ઉદ્દેશ્યોને વધુ અસરકારક રીતે અમલમાં મૂકી શકાશે. જોકે, શાળાઓ અને વિદ્યાર્થીઓ માટે આ નવી વ્યવસ્થાને સફળતાપૂર્વક અમલમાં મૂકવા પૂરતી તૈયારી કરવી પણ એટલી જ જરૂરી રહેશે.

### ૬ ભારતીય નાગરિકો અને ૨ યુક્રેનિયન નાગરિકો ઘાયલ

# હોર્મુઝમાં UAEના ટેન્કરો પર ઈરાનનો હુમલો, એક ભારતીયનું મોત

## મિસાઇલ હુમલાના કારણે બંને જહાજોમાં આગ લાગી ગઈ હતી, પરંતુ બાદમાં તેના પર સંપૂર્ણ રીતે કાબૂ મેળવી લેવાયો હતો

તેહરાન, તા.૧૪

સંયુક્ત આરબ અમીરાત ના સંરક્ષણ મંત્રાલયે મંગળવારે જણાવ્યું કે હોર્મુઝમાં યુએઈનો ધ્વજ ધરાવતા બે ટેન્કરો પર ઈરાની ક્રૂઝ મિસાઈલો દ્વારા કરવામાં આવેલા હુમલામાં ક્રૂના એક ભારતીય સભ્યનું મોત નીપજ્યું છે. આ હુમલામાં અન્ય આઠ સભ્યો ઘાયલ પણ થયા છે, જેમાંથી ચારની હાલત ગંભીર છે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જાહેર કરાયેલા એક સત્તાવાર નિવેદનમાં મંત્રાલયે જણાવ્યું કે ઓમાનના જળક્ષેત્રમાં હોર્મુઝની સામુદ્રધુની ના દક્ષિણી લેનમાં 'મોમ્બાસા' અને 'બાહિયા' નામના ટેન્કરોને નિશાન બનાવવામાં આવ્યા હતા.સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઘાયલોમાં છ ભારતીય નાગરિકો અને બે યુક્રેનિયન નાગરિકો સામેલ છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ હુમલાના પરિણામે ટેન્કર 'મોમ્બાસા'ના ક્રૂના એક ભારતીય સભ્યએ જીવ ગુમાવ્યો છે અને અન્ય ૮ લોકો ઘાયલ થયા છે. તેમાંથી ૪ લોકોને ગંભીર ઈજાઓ થઈ છે, જેમાં ઘાયલોમાં ૬ ભારતીય નાગરિકો અને ૨ યુક્રેનિયન નાગરિકો છે.સંરક્ષણ મંત્રાલયે એ પણ માહિતી આપી હતી કે મિસાઈલ હુમલાના કારણે બંને જહાજોમાં આગ લાગી ગઈ હતી, પરંતુ બાદમાં તેના પર સંપૂર્ણ રીતે કાબૂ મેળવી લેવાયો હતો.યુએઈએ આ હુમલાની કડક શબ્દોમાં નિંદા કરી છે. આને ગંભીર ઉલ્લંઘન અને આંતરરાષ્ટ્રીય કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવીને ક્ષેત્રની સુરક્ષા અને સ્થિરતા માટે "ખતરો" ગણાવ્યો છે.યુએઈ સરકારે સ્પષ્ટ કર્યું છે કે દેશ આ તણાવપૂર્ણ સ્થિતિનો જવાબ આપવાનો પોતાનો સંપૂર્ણ અધિકાર અનામત રાખે છે અને પોતાનું સાર્વભૌમત્વ, નાગરિકો, રહેવાસીઓ તેમજ રાષ્ટ્રીય હિતોની રક્ષા માટે તમામ જરૂરી પગલાં લેશે. સંરક્ષણ મંત્રાલયે પણ જણાવ્યું કે તેના સશસ્ત્ર દળો હાઈ એલર્ટ પર છે અને કોઈપણ પ્રકારના જોખમનો સામનો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.યુએઈની આ જાહેરાત ઈરાનના એ દાવા પછી સામે આવી છે, જેમાં તેણે કહ્યું હતું કે તેના રિવોલ્યુશનરી ગાર્ડ્સે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થવાનો પ્રયાસ કરી રહેલા બે જહાજો પર ચેતવણીરૂપ ફાયરિંગ કર્યું હતું.ઈરાનના સરકારી ટેલિવિઝને અહેવાલમાં જણાવ્યું હતું કે આ વ્યૂહાત્મક જળમાર્ગમાંથી કથિત રીતે ગેરકાયદેસર રીતે પસાર થવાને કારણે જહાજોને રિવોલ્યુશનરી ગાર્ડ્સની નૌસેના દ્વારા ચેતવણીરૂપ ગોળીઓ દ્વારા નિશાન બનાવવામાં આવ્યા હતા અને રોકવામાં આવ્યા હતા.

### વકફ સંપત્તિને લઈને નવા રાજકીય નિવેદનથી ચર્ચા તેજ

# મૌલાના શહાબુદ્દીને વકફ સંપત્તિઓની તપાસની કરી માંગ

## મુખ્યમંત્રીને પત્ર લખી સુન્ની અને શિયા વકફ બોર્ડની તપાસની માંગ; આરોપોની સ્વતંત્ર તપાસ બાદ જ હકીકત સ્પષ્ટ થશે

નવી દિલ્હી, તા.૧૪

વકફ સંપત્તિઓના સંચાલનને લઈને ફરી એકવાર રાજકીય અને સામાજિક ચર્ચા તેજ બની છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના શહાબુદ્દીન રઝવીએ વકફ સંપત્તિઓમાં કથિત ગેરરીતિઓની નિષ્પક્ષ તપાસ કરવાની માંગ ઉઠાવી છે. તેમણે દાવો કર્યો છે કે જો વકફ સંપત્તિઓની પારદર્શક તપાસ કરવામાં આવે તો અનેક મહત્વપૂર્ણ હકીકતો સામે આવી શકે છે.મૌલાના શહાબુદ્દીન રઝવીએ જણાવ્યું કે વકફ સંપત્તિઓના સંચાલનમાં મોટા પાયે નાણાકીય અનિયમિતતાઓ થઈ હોવાના આક્ષેપો લાંબા સમયથી ચર્ચામાં છે અને તેની સંપૂર્ણ તપાસ જરૂરી છે. તેમના કહેવા મુજબ, આ મુદ્દે તેમણે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને પત્ર લખીને સુન્ની અને શિયા વકફ બોર્ડની કામગીરીની તપાસ કરવાની માંગ કરી છે.તેમણે પોતાના નિવેદનમાં અગાઉના કેટલાક શાસનકાળ દરમિયાન વકફ સંપત્તિઓના વ્યવહારો અંગે પણ પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમના આક્ષેપ મુજબ, કેટલીક કિંમતી વકફ જમીનોના સંચાલન અને વેચાણમાં ગેરરીતિઓ થઈ હોવાની શંકા છે. જોકે, આ તમામ દાવાઓ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર તપાસના અંતિમ તારણ જાહેર થયા નથી.આ મુદ્દે શિયા ધર્મગુરુ સૈયદ સૈફ અબ્બાસે પણ વકફ બોર્ડની કામગીરીની નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. તેમણે જણાવ્યું કે વકફ સંપત્તિઓના સંચાલનમાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવી જરૂરી છે. તેમના મતે, જો કોઈપણ પ્રકારની ગેરરીતિ સામે આવે તો જવાબદાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ.વકફ સંપત્તિઓ દેશભરમાં ધાર્મિક અને સામાજિક હેતુઓ માટે ઉપયોગમાં લેવાતી મહત્વપૂર્ણ મિલકતો ગણાય છે. આવા સંજોગોમાં તેના સંચાલનમાં પારદર્શિતા જળવાય તે જરૂરી હોવાનું વિવિધ વર્ગો દ્વારા સમયાંતરે કહેવામાં આવ્યું છે.હાલમાં વકફ સંપત્તિઓ અને અન્ય ધાર્મિક સંસ્થાઓના નાણાકીય વ્યવહારોને લઈને વિવિધ રાજકીય નિવેદનો સામે આવી રહ્યા છે, જેના કારણે ચર્ચા વધુ તેજ બની છે. જોકે, સંબંધિત તમામ આક્ષેપો અંગે સત્તાવાર તપાસ અને કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ કોઈ અંતિમ નિષ્કર્ષ પર પહોંચી શકાય.

### યુવા જનરેશનમાં ભવિષ્યની ચિંતાને લઈને ડિપ્રેશનનું પ્રમાણ પણ વધ્યું

# ચીનમાં ડિપ્રેશન ઘટાડવા ચાલતો હસાવવાનો ૪૦૦ અબજ ડોલરનો જંગી બિઝનેસ

## ચીનની નવી જનરેશનમાં ભૌતિક ચીજવસ્તુઓ પાછળ ખર્ચ કરવાને બદલે માનસિક શાંતિ મળે તે માટે બજેટ આપવાનું વધ્યું

બેઈજિંગ, તા.૧૪

ચીનના સોશિયલ મીડિયા આજકાલ ઈનોશ્નલ વેલ્યૂની જાહેરાતોથી ઉભરાઈ રહ્યું છે. એકલતા વધી રહી છે અને યુવા જનરેશનમાં ભવિષ્યની ચિંતાને લઈને ડિપ્રેશનનું પ્રમાણ પણ વધ્યું છે. તેની સામે ઈનોશ્નલ વેલ્યૂ યાને હસાવવાથી લઈને ગિફ્ટ આપીને ખુશ કરવા સુધીનું ખુશહાલીનું માર્કેટ વધી રહ્યું છે. એક અંદાજ પ્રમાણે ચીનમાં આ પ્રકારનો બિઝનેસ ૪૦૦ અબજ ડોલરને પાર પહોંચી ગયો છે.ચીનની નવી જનરેશનમાં ભૌતિક ચીજવસ્તુઓ પાછળ ખર્ચ કરવાને બદલે માનસિક શાંતિ મળે તે માટે બજેટ આપવાનું વધ્યુંચીનની યુવા પેઢીમાં ભવિષ્યને લઈને ચિંતા છે. નવી જનરેશન એક્ઝાઈટીમાં જીવા છે. ભવિષ્યની ચિંતામાં દિવસો કાઢે છે. તેની સામે અમુક યુવાનો ખુશહાલીનો બિઝનેસ કરી રહ્યા છે. લૂ ઝાઓયૂ નામનો એક યુવાન ચીનના વિખ્યાત પહાડ માઉન્ડ તાઈના અવરોહણમાં મદદ કરે છે. તે અન્ય પ્રવાસીઓને આ પહાડ ચડવાનું પેકેજ ઓફર કરે છે, પરંતુ આ માત્ર પહાડ ચડવા પૂરતું પેકેજ નથી. તે રસ્તામાં પ્રવાસીને હસાવે છે. તેને ઈમોશ્નલી સપોર્ટ આપે છે. ગિફ્ટ્સ આપે છે. તેને તાજાં ફળો આપે છે. ગમતી વાતો કરે છે. આ માટે તે ૧૦૦ ડોલર જેટલો ચાર્જ વસૂલે છે અને લોકો આટલો ખર્ચ કરીને હોંશે હોંશે તેની સાથે જાય છે.૩૦ વર્ષનો એ લાંગ નામનો યુવાન જુદા જુદા કલાકારોનો પોશાક પહેરીને મધ્ય ચીનમાં લોકોને હસાવવાનું કામ કરે છે. તે માત્ર હસાવતો નથી, પરંતુ ફુલ ઈમોશ્નલ એક્સપિરિયન્સ આપે છે. ચીનના સોશિયલ મીડિયામાં આવા યુવાનો પ્રમોશન્સ કરી રહ્યા છે. ચીનના સોશિયલ મીડિયામાં અચાનક આવા પ્રકારની જાહેરાતોનું પ્રમાણ વધી ગયું છે. એક અંદાજ પ્રમાણે ચીનમાં ફીલ-ગુડ અથવા જેને ઈમોશ્નલ વેલ્યૂ કહેવાય છે તેનું માર્કેટ ૪૦૦ અબજ ડોલરને પાર પહોંચી ગયું છે.

### ઓડિશામાં રથયાત્રાને પગલે હાઈ એલર્ટ

# આંધ્ર પ્રદેશમાં કોરોનાથી ૨ મોત બાદ તકેદારી રાખવા અપીલ

## આંધ્ર પ્રદેશમાં કોરોનાના કેસો વધતાં તમિલનાડુના આરોગ્ય વિભાગે પણ સ્થિતિ પર ચાંપતી નજર રાખવાનું શરૂ કર્યું છે

આંધ્ર પ્રદેશ, તા.૧૪

દેશમાં ફરી એકવાર કોરોનાના કેસોને લઈને ચિંતાના વાદળો ઘેરાયા છે. આંધ્ર પ્રદેશમાં કોરોના સંબંધિત મોત અને કેસોમાં થયેલા વધારાને પગલે ઓડિશા અને તમિલનાડુ જેવા રાજ્યો એલર્ટ થઈ ગયા છે. આરોગ્ય નિષ્ણાતોએ પણ કેન્દ્ર અને રાજ્ય સરકારોને તકેદારી રાખવાની અપીલ કરી છે. ખાસ કરીને આગામી સમયમાં યોજાનારી ઓડિશાના પુરીમાં જગન્નાથ રથયાત્રાને ધ્યાનમાં રાખીને તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં પણ અમદાવાદ સહિતના શહેરોમાં ભવ્ય રથયાત્રાનું આયોજન થાય છે, જેથી અહીં પણ સરકારે તેમજ નાગરિકોએ તકેદારી રાખવી જરૂરી છે.આંધ્ર પ્રદેશના કડપા જિલ્લામાં કોરોનાના નવા કેસ નોંધાયા છે, જે પૈકી ૨ દર્દીના શંકાસ્પદ મોત ભારે ચિંતા ફેલાઈ છે. આ પૈકી એક ૪૬ વર્ષીય દર્દી શ્વાસની ગંભીર તકલીફ સાથે હોસ્પિટલમાં દાખલ થયા હતા, જેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ સિવાય અન્ય એક ૫૨ વર્ષીય દર્દીનું પણ કોરોના અને બેક્ટેરિયલ ઈન્ફેક્શનના કારણે મૃત્યુ થયું હોવાનું સામે આવ્યું છે. એટલું જ નહીં, અત્યાર સુધી અહીં ૮ દર્દી કોરોના પોઝિટિવ નોંધાઈ ચૂક્યા છે. આ ઘટના બાદ આંધ્ર પ્રદેશ આરોગ્ય વિભાગે તાત્કાલિક રેપિડ રિસ્પોન્સ ટીમ તહેનાત કરી છે અને તમામ હોસ્પિટલોને આઈસોલેશન વોર્ડ તૈયાર રાખવા આદેશ આપ્યા છે.આંધ્ર પ્રદેશની સરહદને અડીને આવેલા ઓડિશામાં પ્રશાસન કડક મોનિટરિંગ કરી રહ્યું છે. ખાસ કરીને જગન્નાથ પુરીની રથયાત્રા પૂર્વે લાખોની સંખ્યામાં ભક્તો એકઠા થવાના હોવાથી તંત્ર કોઈ પણ પ્રકારની ઢીલાશ રાખવા માંગતું નથી. ઓડિશાના ગંજમ, ગજપતિ, રાયગડા, કોરાપુટ અને મલ્કાનગિરી જેવા સરહદી જિલ્લામાં હાઈ એલર્ટ જાહેર કરાયું છે.ઓડિશાના પબ્લિક હેલ્થ ડાયરેક્ટર રવીન્દ્રનાથ મિશ્રાએ જણાવ્યું છે કે, 'હાલ ઓડિશામાં કોરોનાનો કોઈ સક્રિય કેસ નોંધાયો નથી, પરંતુ તકેદારીના ભાગરૂપે શ્વાસ સંબંધિત ગંભીર બીમારીઓ ધરાવતા તમામ દર્દીઓ તેમજ શરદી-ખાંસીના લક્ષણો ધરાવતા ઓછામાં ઓછા ૫% લોકોના કોરોના ટેસ્ટ ફરજિયાત કરાયા છે.'આંધ્ર પ્રદેશમાં કોરોનાના કેસો વધતાં તમિલનાડુના આરોગ્ય વિભાગે પણ સ્થિતિ પર ચાંપતી નજર રાખવાનું શરૂ કર્યું છે. તમિલનાડુ સરકારે લોકોને અપીલ કરી છે કે હાલ રાજ્યમાં કોરોનાનો કોઈ અત્યંત જોખમી વેરિયન્ટ સક્રિય હોવાના પુરાવા મળ્યા નથી, તેથી ગભરાવાની કે ગભરાટ ફેલાવવાની કોઈ જરૂર નથી. આરોગ્ય વિભાગે લોકોને સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખવા અને લક્ષણો દેખાય તો તબીબી સલાહ લેવા જણાવ્યું છે.

### લાખો ભક્તોની સુરક્ષા માટે તંત્ર એલર્ટ

# રથયાત્રા પૂર્વે પુરીમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

## બંગાળની ખાડીમાં લો-પ્રેશરની અસરથી ભારે વરસાદ; પાણીના નિકાલ માટે ખાસ વ્યવસ્થા, હવામાન વિભાગે વધુ વરસાદની આગાહી કરી

પુરી, તા.૧૪

વિશ્વવિખ્યાત ભગવાન જગન્નાથજીની રથયાત્રા પહેલાં ઓડિશાના પવિત્ર યાત્રાધામ પુરીમાં ભારે વરસાદ શરૂ થતાં સમગ્ર શહેર વરસાદી માહોલમાં તરબોળ થઈ ગયું છે. બંગાળની ખાડીમાં સર્જાયેલા લો-પ્રેશર અને સક્રિય ચોમાસાની અસરને કારણે સવારથી જ શ્રીમંદિર સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જોકે, વરસાદ છતાં દેશ-વિદેશથી આવેલા લાખો ભક્તોના ઉત્સાહમાં કોઈ ઘટાડો જોવા મળ્યો નથી.હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી કલાકોમાં પણ પુરી અને આસપાસના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ, વીજળીના કડાકા-ભડાકા અને તેજ પવનની શક્યતા છે. આથી સ્થાનિક તંત્રને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે અને યાત્રાળુઓને પણ જરૂરી સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.રથયાત્રા પૂર્વે ભારે વરસાદને ધ્યાનમાં રાખીને જિલ્લા પ્રશાસન અને મંદિર વહીવટીતંત્રે વિશેષ તૈયારીઓ હાથ ધરી છે. શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ન રહે તે માટે હાઈ-કેપેસિટી પંપ કાર્યરત કરવામાં આવ્યા છે. ઉપરાંત માર્ગો પર પાણીનો ઝડપી નિકાલ થાય અને યાત્રાળુઓને અવરજવર દરમિયાન મુશ્કેલી ન પડે તે માટે પણ ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા પોલીસ, એનડીઆરએફ, ફાયર બ્રિગેડ અને અન્ય બચાવ દળોને પણ સ્ટેન્ડબાય રાખવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક સારવાર માટે મેડિકલ ટીમો અને એમ્બ્યુલન્સની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.દર વર્ષે યોજાતી ભગવાન જગન્નાથ, ભગવાન બળભદ્ર અને માતા સુભદ્રાની ભવ્ય રથયાત્રામાં દેશ-વિદેશમાંથી લાખો શ્રદ્ધાળુઓ જોડાય છે. ભારે વરસાદ છતાં ભક્તોમાં શ્રદ્ધા અને ઉત્સાહ યથાવત જોવા મળી રહ્યો છે. શ્રીમંદિરમાં દર્શન અને ધાર્મિક વિધિઓ નિયમિત રીતે ચાલી રહી છે.

પ્રશાસને યાત્રાળુઓને હવામાનની સ્થિતિને ધ્યાનમાં રાખીને સત્તાવાર સૂચનાઓનું પાલન કરવા, ભીડવાળા વિસ્તારોમાં સાવચેતી રાખવા અને અનાવશ્યક રીતે પાણી ભરાયેલા વિસ્તારોમાં જવાનું ટાળવા અપીલ કરી છે. રથયાત્રા દરમિયાન હવામાન અને સુરક્ષા વ્યવસ્થા પર તંત્ર સતત નજર રાખી રહ્યું છે.

### સુસાઇડ નોટમાં પતિ અને નણંદ પર ત્રાસના આરોપ

# પ્રેમલગ્નના ચાર મહિના બાદ શિક્ષિકાની આત્મહત્યા

## લગ્ન બાદ સાસરી પક્ષ તરફથી સતત માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાના આરોપો સામે આવ્યા છે

બેંગ્લુરુ, તા.૧૪

કર્ણાટકની રાજધાની બેંગ્લુરુમાં લગ્નના માત્ર ચાર મહિના બાદ ૨૫ વર્ષીય મહિલા શિક્ષિકાએ આત્મહત્યા કરતાં ચકચાર મચી છે. સુનકડકટ્ટે વિસ્તારમાં રહેતી શિક્ષિકાનો મૃતદેહ તેના નિવાસસ્થાનેથી લટકતી હાલતમાં મળી આવ્યો હતો.

ઘટનાસ્થળેથી મળેલી સુસાઈડ નોટના આધારે પોલીસે મૃતકના પતિને કસ્ટડીમાં લીધો છે, જ્યારે નણંદની ભૂમિકાની પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા મુજબ, મૃતક મહિલા મૂળ કર્ણાટકના શિવમોગ્ગા જિલ્લાની રહેવાસી હતી અને બેંગ્લુરુની એક ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી હતી. આશરે ચાર મહિના પહેલાં તેણે પોતાના પ્રેમી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. જોકે લગ્ન બાદ સાસરી પક્ષ તરફથી સતત માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાના આરોપો સામે આવ્યા છે.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. તપાસ દરમિયાન પોલીસને એક સુસાઈડ નોટ મળી હતી. નોટમાં મૃતક મહિલાએ પોતાના મોત માટે પતિ અને નણંદને જવાબદાર ગણાવ્યા હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. નોટમાં તેણે પોતાની માતાને સંબોધીને ભાવુક શબ્દોમાં લખ્યું હતું કે તેના મૃત્યુ માટે જવાબદાર લોકોને માફ ન કરવામાં આવે. સાથે જ તેણે પોતાના પરિવારજનો પાસે માફી પણ માંગી હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું છે કે લગ્ન પછી મહિલાને સતત માનસિક હેરાનગતિનો સામનો કરવો પડતો હતો. જોકે આ તમામ આક્ષેપોની સત્યતા અંગે તપાસ ચાલી રહી છે. પોલીસે જણાવ્યું છે કે સુસાઈડ નોટ, પરિવારના નિવેદનો, ડિજિટલ પુરાવા અને અન્ય સાક્ષીઓના આધારે સમગ્ર ઘટનાની દરેક દિશામાં તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસે મૃતકના પતિને પૂછપરછ માટે કસ્ટડીમાં લીધો છે, જ્યારે નણંદ સહિત અન્ય પરિવારજનોની ભૂમિકાની પણ તપાસ કરવામાં આવશે. તપાસ પૂર્ણ થયા બાદ પુરાવાના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ ઘટનાએ ફરી એક વખત લગ્નજીવનમાં માનસિક ત્રાસ અને ઘરેલુ વિવાદોના ગંભીર મુદ્દાને ઉજાગર કર્યો છે. પોલીસનું કહેવું છે કે કેસની તમામ હકીકતો સામે આવ્યા બાદ જ કોઈ અંતિમ નિષ્કર્ષ પર પહોંચી શકાય. હાલમાં આત્મહત્યાના કારણો અને સુસાઈડ નોટમાં કરાયેલા આક્ષેપોની સઘન તપાસ ચાલી રહી છે.

### પોલીસે જાહેરમાં સરઘસ કાઢી કાયદાનું ભાન કરાવ્યું

# ચાંદખેડામાં આતંક મચાવનાર બુટલેગર પિતા-પુત્ર જેલભેગા

અમદાવાદ, તા.૧૪

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં આવેલી પ્રહલાદ પાર્ક સોસાયટીમાં બુટલેગર દ્વારા સ્થાનિક રહીશો પર કરવામાં આવેલા હિંસક હુમલાના મામલામાં પોલીસે સપાટો બોલાવ્યો છે. સોસાયટીમાં આતંક મચાવી ભયનું વાતાવરણ ઊભું કરનારા મુખ્ય બુટલેગર પિતા-પુત્રની પોલીસે ગણતરીના કલાકોમાં જ ધરપકડ કરી લીધી છે. પકડાયેલા આરોપીઓની ઓળખ પૃથ્વી પઢિયાર અને તેના પિતા કિશોર પઢિયાર તરીકે થઈ છે, જેમણે વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા હાથમાં લેવાનો પ્રયાસ કર્યો હતો.ધરપકડ કર્યા બાદ ચાંદખેડા પોલીસ બંને આરોપી પિતા-પુત્રને એ જ પ્રહલાદ પાર્ક સોસાયટીમાં લઈ ગઈ હતી જ્યાં તેમણે સ્થાનિક લોકો પર હિંસક હુમલો કર્યો હતો. સોસાયટીના રહીશોની હાજરીમાં જ બંને આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢીને પોલીસે તેમને કાયદાનું ભાન કરાવ્યું હતું. પોલીસની આ કડક અને પ્રશંસનીય કાર્યવાહીને પગલે વર્ષોથી ડરના ઓથાર હેઠળ જીવતા સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો છે અને ગુનેગારોમાં કાયદાનો ડર પેસ્યો છે.આ મામલામાં પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધીને કાયદેસરની વધુ તપાસ હાથ ધરી છે. આ બુટલેગર પિતા-પુત્ર અન્ય કોઈ ગેરકાયદેસર દારૂના નેટવર્ક કે ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે કે કેમ, તે દિશામાં પણ પોલીસ દ્વારા ઝીણવટભરી પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસે સ્થાનિક લોકોને સુરક્ષાની ખાતરી આપી છે કે વિસ્તારની શાંતિ ભંગ કરનારા અસામાજિક તત્વો સામે આવી જ કડક કાર્યવાહી ચાલુ રહેશે.

### ભાજપના ૧૮ ટકા વોટર્સ જ ઈ-૨૦ના સમર્થનમાં

# એનડીએના ૫૩ ટકા મતદારો ઈથેનોલ મિશ્રણના પક્ષમાં નથી : સી-વોટર સર્વે

## ૫૦ ટકા લોકોને વાહન ખરાબ થવાનો અને એવરેજ ઘટી જવાનો ડર : વિપક્ષના ૫૭ ટકા સમર્થકોમાં ઈ-૨૦નો વિરોધ

નવી દિલ્હી, તા.૧૪

દેશમાં ઈથેનોલ પૉલિસી ભારે ચર્ચાસ્પદ બની છે. દેશનો મોટો વર્ગ E-20 પેટ્રોલનો વિરોધ કરે છે. તેમને ડર છે કે ઈથેનોલ ભેળવેલા પેટ્રોલથી વાહનો ખરાબ થઈ જશે. એવરેજમાં કડાકો બોલી જશે અને એન્જિન વહેલું ખરાબ થઈ જશે. સી-વૉટરના એક સર્વેમાં જણાયું કે સત્તાધારી ગઠબંધન એનડીએના બહુમતી સમર્થકોમાં E-20નો ભારે વિરોધ છે. તેમને સરકારની આ પૉલિસી મંજૂર નથી. ૨૯ ટકા લોકો ઈથેનોલ બાબતે કોઈ નિર્ણય પર આવી શક્યા નથી.કેન્દ્ર સરકારની ઈથેનોલ પૉલિસીએ દેશવ્યાપી ચર્ચા જગાવી છે. એક તરફ સરકાર સતત આ પૉલિસીનો બચાવ કરે છે અને તેને સલામત ગણે છે. બીજી તરફ જૂના વાહનોમાં તેનાથી નુકસાન થશે એવા તારણો રજૂ થઈ રહ્યાં છે. લોકોમાં ભારે મૂંઝવણ છે. ઈથેનોલનો ઉપયોગ કરવાથી લાંબાંગાળે શું થશે તે બાબતે તો કોઈ જ સત્તાવાર રિસર્ચ સરકારે પણ બહાર પાડ્યુંછે. સરકાર માત્ર સાયન્ટિફિક રિસર્ચ જાહેર કર્યા વગર જ E-20ને સલામત ગણાવે છે.આવી સ્થિતિ વચ્ચે સી-વૉટર્સે એક સર્વે હાથ ધર્યો હતો. ભાજપના નેતૃત્વમાં કેન્દ્રમાં એનડીએની સરકાર છે. એનડીએને મત આપનારા લોકોમાંથી ૫૨.૫ ટકા લોકોએ સ્પષ્ટ શબ્દોમાં ઈથેનોલ-૨૦ પૉલિસીનો વિરોધ કર્યો. આ લોકોએ કહ્યું કે તેમને પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવવામાં આવે છે તે એમને પસંદ નથી. એનડીએના ૧૮.૧ ટકા લોકોએ જ ઈથેનોલ-૨૦નું સમર્થન કરીને એમાં વિશ્વાસ મૂક્યો હતો. એનડીએના ૨૯ ટકા મતદારો કોઈ નિર્ણય પર આવી શક્યા ન હતા. તેઓ તરફેણ અને વિરોધમાં થઈ રહેલી દલીલોથી કન્ફ્યૂઝ્ડ છે.બીજી તરફ વિપક્ષી ગઠબંધનના ૫૭.૯ એટલે ઓલમોસ્ટ ૫૮ ટકા લોકોએ ઈ-૨૦નો વિરોધ કર્યો હતો. સત્તાધારી કે વિપક્ષ એમ એકેય ગઠબંધનમાં ન હોય એવી પાર્ટીના ૫૫ ટકા વોટર્સે આ મેથડને રિજેક્ટ કરીને વિરોધ કર્યો હતો.બધા મળીને ૫૫.૧ ટકા લોકોએ ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ સામે વાંધો ઉઠાવ્યો હતો અને માઈલેજ ઘટી જવાથી માંડીને એન્જિન ખરાબ થઈ જવા સુધીની ચિંતા વ્યક્ત કરી હતી. દેશના માત્ર ૧૭.૧ ટકા લોકોએ જ ઈથેનોલના મિશ્રણમાં ભરોસો વ્યક્ત કર્યો હતો.

### બર્થ-ડેના દિવસે જ આપ્યું મોત

# પત્નીની રોડની વચ્ચોવચ્ચ હત્યા કરી પોલીસ પતિ ફરાર

## રસ્તાની વચ્ચે પત્નીને ગોળી મારી હત્યા કર્યા બાદ આરોપી કોન્સ્ટેબલ મનીષ ભાટી ફરાર : પોલીસ દ્વારા શોધખોળ

નવી દિલ્હી, તા.૧૪

વિનોદ નગર વિસ્તારમાં દિલ્હી પોલીસના કોન્સ્ટેબલે કથિત રીતે પત્નીની રોડની વચ્ચોવચ્ચ ગોળી મારીને હત્યા કરી ફરાર થઈ ગયો ગયો હતો. મૃતકની ઓળખ ૨૬ વર્ષીય પ્રિયંકા તરીકે થઈ છે, જે એક શિક્ષિકા હતી. આજે પ્રિયંકાનો જન્મદિવસ હતો. પોલીસે કેસ નોંધ્યો છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યો છે. આરોપી મનીષ ભાટીને પકડવા માટે શોધ ચાલુ છે.અહેવાલો અનુસાર, મનીષ ભાટી સોમવારે વહેલી સવારે પૂર્વ દિલ્હીના કલ્યાણપુરી વિસ્તારમાંથી સ્કૂટર પર તેની પત્ની સાથે જઈ રહ્યો હતો. આ દરમિયાન બંને વચ્ચે કોઈ મુદ્દે ઝઘડો થયો હતો. ત્યારબાદ ભાટીએ સ્કૂટર રોક્યું અને બંને વચ્ચે બોલાચાલી ચાલુ રહી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, થોડી જ વારમાં ભાટીએ પોતાની પત્નીને ગોળી મારી અને તેને રસ્તા પર જ છોડીને ભાગી ગયો.થોડીવાર બાદ ત્યાંથી પસાર થતા એક ડિલિવરી એક્ઝિક્યુટિવે ઘાયલ મહિલાને રસ્તાની બાજુમાં પડેલી જોઈ. તેણે તાત્કાલિક મહિલાને નજીકની લાલ બહાદુર શાસ્ત્રી હોસ્પિટલમાં પહોંચાડી હતી. જોકે, સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.મૃતકની ઓળખ ૨૬ વર્ષીય પ્રિયંકા તરીકે થઈ છે, જે વ્યવસાયે શિક્ષિકા હતી. સોમવારે જ પ્રિયંકાનો જન્મદિવસ પણ હતો. પોલીસે કેસ નોંધ્યો છે અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. હાલ આરોપી મનીષ ભાટીને ઝડપી પાડવા માટે પોલીસ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.

### ચુકાદા બાદ ભાજપના પ્રહાર

# અંકિત શર્મા હત્યા કેસમાં અરવિંદ કેજરીવાલ પણ સૌથી મોટા દોષિત

## તાહિર હુસૈનને અરવિંદ કેજરીવાલનું 'રાજકીય સંરક્ષણ' પ્રાપ્ત હતું, અને તે કેજરીવાલના ઇશારે જ કામ કરી રહ્યો હતો

નવી દિલ્હી, તા.૧૪

વર્ષ ૨૦૨૦ના દિલ્હી રમખાણો દરમિયાન ઈન્ટેલિજન્સ બ્યુરો (IB)ના અધિકારી અંકિત શર્માની નિર્મમ હત્યાના કેસમાં કોર્ટ દ્વારા આમ આદમી પાર્ટીના પૂર્વ કાઉન્સિલર તાહિર હુસૈન સહિત પાંચ આરોપીઓને દોષી જાહેર કરવામાં આવ્યા છે. આ ચુકાદા બાદ હવે રાજકીય ઘમાસાણ શરૂ થઈ ગયું છે. ભારતીય જનતા પાર્ટીએ આ નિર્ણયનું સ્વાગત કરતાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને કોંગ્રેસ નેતૃત્વ પર અત્યંત ગંભીર આરોપો લગાવ્યા છે.મંગળવારે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતાં ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ગૌરવ ભાટિયાએ આરોપ લગાવ્યો કે, તાહિર હુસૈનને અરવિંદ કેજરીવાલનું 'રાજકીય સંરક્ષણ' પ્રાપ્ત હતું, અને તે કેજરીવાલના ઈશારે જ કામ કરી રહ્યો હતો.ગૌરવ ભાટિયાએ કોર્ટના ચુકાદાનો હવાલો આપતાં અરવિંદ કેજરીવાલને આ જઘન્ય હત્યાકાંડના સહ-આરોપી ગણાવ્યા. તેમણે કહ્યું કે, 'આ કેસનો મુખ્ય આરોપી તાહિર હુસૈન હતો, જે ગુનાના સમયે આમ આદમી પાર્ટીનો કાઉન્સિલર અને અરવિંદ કેજરીવાલનો જમણો હાથ હતો. આજે કોર્ટે તાહિર હુસૈનને હત્યા (IPC ૩૦૨), અપહરણ (IPC ૩૬૫) અને વિવિધ જૂથો વચ્ચે નફરત ફેલાવવk(IPC 153A)ના ગુના હેઠળ દોષી ઠેરવ્યો છે. તાહિર હુસૈનની સાથે કાવતરું ઘડનારા અન્ય પાંચ રમખાણખોરોને પણ સજા મળી છે. પરંતુ આ આખા કેસમાં તાહિર હુસૈનની સાથે સૌથી મોટા ગુનેગાર અરવિંદ કેજરીવાલ છે, જેમના ઈશારે આ બધું થયું, અને જેમણે પાછળથી આના પર પડદો નાખવાનો (Cover-up) પ્રયાસ કર્યો.' ભાટિયાએ સવાલ ઉઠાવ્યો કે, તત્કાલીન મુખ્યમંત્રી હોવા છતાં કેજરીવાલે અંકિત શર્મા કે, દિલ્હી રમખાણોમાં માર્યા ગયેલા ૬૦થી વધુ નિર્દોષ ભારતીય નાગરિકો માટે એક શબ્દ પણ કેમ ન બોલ્યો.અદાલતની ટિપ્પણીઓનો ઉલ્લેખ કરતાં ભાજપના પ્રવક્તાએ જણાવ્યું કે, 'આ હત્યા એક પૂર્વનિયોજિત અને ઊંડા કાવતરાનો ભાગ હતી, જેનો ઉદ્દેશ્ય એક ચોક્કસ સમુદાયને નિશાન બનાવવાનો હતો.' તેમણે કોર્ટના આદેશની પંક્તિઓ ટાંકતા કહ્યું કે, 'જ્યારે અંકિત શર્મા રમખાણખોરોની ભીડ તરફ આગળ વધ્યા, ત્યારે તાહિર હુસૈને ભીડને ઉશ્કેરી હતી. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, આરોપીઓ હિન્દુ વિરોધી કાવતરા હેઠળ કામ કરી રહ્યા હતા, અને અંકિતની હત્યા માત્ર એટલા માટે કરવામાં આવી કારણ કે તે એક હિન્દુ હતા. અંકિતના શરીર પર ચપ્પુના ૫૧ ઘા હતા, જે આ ગુનાની ક્રૂરતા દર્શાવે છે.'ભાજપના પ્રવક્તાએ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાનના એ નિવેદન પર પણ સખત વાંધો વ્યક્ત કર્યો હતો, જેમાં તેમણે કોર્ટના નિર્ણયને 'કમનસીબ' ગણાવ્યો હતો. ભાટિયાએ કહ્યું કે, આ જ આમ આદમી પાર્ટીનું અસલી ચરિત્ર અને 'DNA' છે, જે વોટ બેંક ખાતર રમખાણખોરોની પડખે ઊભી છે.

# અમરેલીમાં લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)નો શપથ ગ્રહણ સમારોહ ''સમર્પણ'' યોજાયો



લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના લાયન વર્ષ ૨૦૨૬–૨૭ના નવા વરાયેલ પદાધિકારીઓનો શપથગ્રહણ સમારોહ ''સમર્પણ'' તારીખ ૧૨/૭/૨૬ને રવિવારના રોજ ગજેરાપરા પટેલ વાડી ખાતે યોજાયેલ હતો. ધ્વજ વંદના લાયન અનિભાઈ ડોડીયા અને સ્વાગત ઉદબોધન લાયન ૠજુલભાઈ ગોંડલીયા દ્વારા થયા બાદ મહેમાનોનું ખેસ પહેરાવી તેમજ મોમેન્ટો આપી માનવંતા મહેમાનોનું સ્વાગત કરવામાં આવેલ. લાયન વર્ષ ૨૦૨૫–૨૬નો સેવાકીય અહેવાલ લાયન પરેશભાઈ કાનપરીયાએ આપેલો હતો. ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજયકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, અમરેલી મતવિસ્તારના સાંસદ ભરતભાઈ સુતરીયાએ સમારોહમાં દીપ પ્રાગટય કરી લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા ગત વર્ષ દરમિયાન નિઃસ્વાર્થ ભાવથી કરવામાં આવતી વિવિધ માનવતાવાદી અને સેવાકીય પ્રવૃત્તિઓને હૃદયપૂર્વક બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે સમાજસેવાના ક્ષેત્રે કલબનું યોગદાન પ્રશંસનીય અને પ્રેરણાદાયી છે. તેમણે ખાસ કરીને આજના સાંપ્રત સમયની અતિ આવશ્યક એવી સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને આરોગ્ય જાગૃતિ જેવા ક્ષેત્રોમાં વધુ વ્યાપક અને અસરકારક કામગીરી કરવા અપીલ કરી હતી, જેથી સમાજ વધુ સ્વસ્થ, સ્વચ્છ અને સમૃદ્ધ બની શકે. પૂર્વ ડિસ્ટ્રીક ગવર્નર વ શપથગ્રહણ અધિકારીનો પરિચય લાયન પ્રા. એમ.એમ. પટેલ દ્વારા આપવામાં આવ્યો હતો. પૂર્વ મલ્ટીપલ કાઉન્સિલ ચેરપર્સન પી.એમ.જે.એફ. લાયન કમલેશભાઈ શાહે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના લાયન વર્ષ ૨૦૨૬–૨૭ના નવા વરાયેલ પદાધિકારીઓમાં પ્રમુખ નરોત્તમભાઈ સાકરીયા, સેક્રેટરી દિનેશભાઈ સોરઠિયા, ટ્રેઝરર વિનોદભાઈ આદ્રોજા તેમજ કેબિનેટના સભ્યોને આગવી શૈલીમાં હોદ્દાના શપથ લેવડાવી તેમની જવાબદારીઓથી વાકેફ કરાવેલ હતાં. તેમના પ્રેરણાદાયી ઉદ્‌બોધનમાં લાયનવાદના ત્રણ મુખ્ય આધારસ્તંભો સેવા, ભ્રાતૃભાવના અને અસરકારક નેતૃત્વ પર વિશેષ ભાર મુકેલ હતો અને નિઃસ્વાર્થ સેવાભાવથી સમાજના અંતિમ વ્યકિત સુધી પહોંચવા શીખ આપી હતી. લાયન્સ કલબ ઓફ અમરેલી સિટીના નવા વરાયેલા પ્રમુખ લાયન નરોત્તમભાઈ સાકરીયાએ આગામી વર્ષની સેવાકીય પ્રવૃત્તિઓને વેગ સંપન્નતા બક્ષતી કલબની પરંપરાને સતત આગળ ધપાવશે તેવી મનોકામના વ્યકત કરી વ્યાપાર તેમજ સમાજની સાથોસાથ લાયનવાદના ઉદ્દેશો અને ધ્યેયને પાર પાડવામાં દરેક લાયન્સ મિત્રોને વર્ષ દરમિયાન ઓછામાં ઓછો એક સેવાકીય પ્રોજેકટ આપી લાયનવાદની જયોતને વધુ પ્રજવલિત કરી સમાજના તમામ સ્તરને ઉપયોગી થવા અપીલ કરી હતી. લાયન વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન થયેલ કલબની વિશિષ્ટ કામગીરીમાં સહયોગ આપવા બદલ સુદર્શન નેત્રાલયના કિર્તીભાઈ ભટ્ટ, ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના પ્રમુખ બાબુભાઈ ધામત, ઉપપ્રમુખ મનસુખભાઈ ગાંગડિયા, મંત્રી બટુકભાઈ સોળીયા, ભૂરખીયા હનુમાનજી ટ્રસ્ટના હરજીભાઈ નારોલા તેમજ સદગુરૂ કબીર સેવા ટ્રસ્ટ સાવરકુંડલાના મહંત નારાયણ વતી વિશાલભાઈ વ્યાસનું સવિશેષ સન્માન કરવામાં આવેલ હતું. સમારોહના માનવંતા મહેમાનોમાં પૂર્વ ડિસ્ટ્રીકટ ગવર્નર વસંતભાઈ મોવલીયા, શ્રીમતી કોકીલાબેન કાકડીયા, જયંતીભાઈ પાનસુરીયા, સાવરકુંડલા માર્કેટીંગ યાર્ડના ચેરમેન દિપકભાઈ માલાણી, સારહી યુથ કલબના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, પરિવર્તન ટ્રસ્ટના પ્રમુખ શરદભાઈ ધાનાણી, અમરેલી જિલ્લા આહીર સમાજના પ્રમુખ જીતુભાઈ ડેર, દામનગર માર્કેટિંગ યાર્ડના ચેરમેન હરજીભાઈ નારોલા, ગાયત્રી સંસ્કારધામ ચલાલાના મહેશભાઈ મહેતા, સંજોગ ન્યુઝના તંત્રી સુરેશભાઈ દેસાઈ, અગ્રણી ઉદ્યોગપતિ દિનેશભાઈ ભુવા, રીજીયન ચેરપર્સન કૌશિકભાઈ હપાણી, અમરેલી જિલ્લા મધ્ય સહકારી બેંકના જનરલ મેનેજર બી.એસ. કોઠીયા, ડો. પી.પી. પંચાલ, એકિઝકયુટિવ ડિસ્ટ્રિકટ સેક્રેટરી પરેશભાઈ કાનપરિયા, માઈક્રો કેબિનેટ ડિસ્ટ્રીક ચેરપર્સન, લાયન કાંતિભાઈ વઘાસીયા, એન્જિનિયર એસોસિએશનના પ્રમુખ કિશોરભાઈ જાની, લાયન્સ કલબ ઓફ અમરેલી (મેઈન)ના પ્રમુખ જતીનભાઈ સુખડિયા, હંસરાજભાઈ સાકરીયા, લાયન્સ કલબ ઓફ અમરેલી (રોયલ)ના પ્રમુખ રાકેશભાઈ નાકરાણી, અમરેલી નગરપાલિકાના સદસ્ય જીગ્નેશભાઈ સાવલિયા તેમજ પરિતાબેન સંજયભાઈ ભેસાણિયા, અતુલભાઈ પડસાલા, અનિભાઈ ધોરાજીયા, રમેશભાઈ ધાનાણી, મહેશભાઈ દવે, અજયભાઈ ટાંક, સુરેશભાઈ શેખવા, બાબુભાઈ ધામત વિગેરેએ નવનિયુકત ટીમને શુભેચ્છા પાઠવી વધુમાં વધુ માનવતાવાદી સેવાકીય પ્રવૃત્તિઓને સમાજના નિમ્ન વર્ગ સુધી પહોંચાડવા અપીલ કરી હતી અને લાયન્સ પરિવારની નિસ્વાર્થ સેવા પરાયણ પ્રવૃત્તિઓને બિરદાવી હતી. ગાયત્રી સંસ્કારધામ, ચલાલાના મેનેજિંગ ટ્રસ્ટી પૂજય સંત ડો. રતિદાદા મહેતાનું સન્માનપત્ર અર્પણ કરી સવિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. સન્માન પત્રનું વાંચન જયેશભાઈ પંડયાએ કરેલ હતું. આ પ્રસંગે પૂજય સંત રતિદાદા મહેતાએ પોતાના પ્રેરણાદાયી સન્માન પ્રત્યુત્તરમાં જણાવ્યું હતું કે, સંસ્કાર, સેવા અને સદાચારએ સુખી અને સમૃધ્ધ સમાજના મજબૂત પાયાઓ છે. તેમણે તમામ લાયન્સ સભ્યોને માનવસેવાને જીવનધર્મ બનાવી, સ્વચ્છતા, આરોગ્ય, પર્યાવરણ સંરક્ષણ અને સંસ્કારના કાર્યોમાં સક્રિય યોગદાન આપવા આહ્વાન કર્યું હતું. આભારદર્શન સેક્રેટરી દિનેશભાઈ સોરઠિયા અને સભા સંચાલન શરદભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે રમેશભાઈ ગોલ, સાહસ ઉપાધ્યાય, પરેશભાઈ આચાર્ય, ભુપતભાઈ ભુવા, મહેશભાઈ પટેલ, નરેશભાઈ જોગાણી, નીતિનભાઈ રાજપરા, રાજેશભાઈ માંગરોળીયા, ડો. પ્રદીપભાઈ ધડુક, ડો. વિરલભાઈ ગોયણી, રમેશભાઈ ગોલ, રિધેશભાઈ નાકરાણી, કિશોરભાઈ શિરોયા, અનિભાઈ સંપટ, ભગવાનભાઈ કાબરીયા, બિમલભાઈ રામદેવપુત્રા, મનોજભાઈ કાનાણી, રમેશભાઈ કાથરોટીયા, કૌશલભાઈ દવે, ભદ્રેશસિંહ પરમાર, અશોકભાઈ ઝાલા, ભાર્ગવભાઈ ભંડેરી, કૌશિકભાઈ ટાંક, નિલેશભાઈ દેસાઈ, નિલેશભાઈ ધોળકિયા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૩૦ | ૧૮૪૦ |
| ૨ | મગફળી | ૧૦૫૦ | ૧૨૪૦ |
| ૩ | તલ કાળા | ૨૧૦૦ | ૩૪૫૦ |
| ૪ | જીરૂ | ૨૭૫૦ | ૩૬૧૦ |
| ૫ | ચણા | ૧૧૦૫ | ૧૧૩૦ |
| ૬ | ઘઉં | ૪૯૧ | ૫૦૩ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૧૦ |
| ૨ | શિંગદાણા | ૧૫૮૫ | ૨૦૦૦ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૫૯૦ | ૧૮૫૫ |
| ૪ | તલ સફેદ | ૧૩૩૦ | ૨૬૯૫ |
| ૫ | તલ કાળા | ૨૨૯૦ | ૩૮૨૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૪૩૫ | ૨૪૩૫ |
| ૭ | બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| ૮ | જુવાર | ૯૧૦ | ૧૨૦૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૯૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૦ |
| ૧૧ | મકાઈ | ૩૪૦ | ૫૩૦ |
| ૧૨ | મગ | ૧૪૧૦ | ૧૫૭૦ |
| ૧૩ | અડદ | ૧૬૭૫ | ૧૬૭૫ |
| ૧૪ | ચણા | ૮૨૦ | ૧૧૮૫ |
| ૧૫ | સફેદ ચણા | ૮૭૦ | ૧૧૭૦ |
| ૧૬ | તુવેર | ૯૦૦ | ૧૪૪૫ |
| ૧૭ | કપાસ | ૯૪૦ | ૧૯૪૦ |
| ૧૮ | એરંડા | ૧૦૦૦ | ૧૩૭૦ |
| ૧૯ | જીરૂ | ૨૨૧૦ | ૩૬૩૦ |
| ૨૦ | ધાણી | ૨૧૦૦ | ૨૯૫૫ |
| ૨૧ | અજમા | ૧૪૬૦ | ૨૫૫૦ |
| ૨૨ | મેથી | ૧૧૨૫ | ૧૩૨૦ |
| ૨૩ | સોયાબીન | ૧૦૦૦ | ૧૬૧૦ |
| ૨૪ | રજકાનું બી | ૬૦૦૦ | ૭૯૫૦ |

પાના ૮ ઉપરનું ચાલું **૩.૧૯ લાખનું સાયબર ફ્રોડ**

કન્હૈયાલાલ કુંભાજી તથા રૂપિયા ૫૨,૦૦૦ બેન્ક ખાતા ધારક રહેતા સિધ્ધાર્થ તથા રૂપિયા ૪૮,૦૦૦ બેન્ક ખાતા ધારક બિહારના રવીકુમાર રાજેશકુમાર તથા રૂપિયા ૯૬,૦૦૦ બેન્ક ખાતા ધારક મહારાષ્ટ્રના કૃષ્ણના અર્જુન શેવાલેએ કોઈ ઈલેકટ્રોનીક માધ્યમનો ઉપયોગ કરી યુવકની જાણ બહાર યુવકનો મોબાઈલ ફોન હેક કરી લઈ કુલ રૂપિયા ૩,૧૯,૦૦૦ વિધાઉટ ઓટીપીથી ટ્રાન્સફર કરી લઈ યુવક સાથે સાયબર ફ્રોડ કરી નાણા મેળ વી છેતરપીંડી કરી ગુનો કર્યાની રાજુલા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસ ઈન્સ્પેકટર વી.એમ. કોલાદરાએ આગળની વધુ તપાસ હાથ ધરેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૦૨ |
| ૨ | ચણા | ૧૦૮૦ | ૧૧૩૫ |
| ૩ | મગ | ૧૧૧૦ | ૧૫૩૦ |
| ૪ | તલ સફેદ | ૧૬૧૦ | ૨૫૫૦ |
| ૫ | તલ કાળા | ૩૫૦૦ | ૩૫૦૦ |
| ૬ | શીંગ દાણા | ૧૬૦૫ | ૨૦૦૦ |
| ૭ | શીંગ ફાડા | ૧૬૦૦ | ૧૭૦૦ |
| ૮ | ચોળી | ૭૦૦ | ૭૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૩૦૨ | – |
| ૨ | શીંગ દાણા | ૧૮૦૦ | ૨૫૨૧ |
| ૩ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૫૦ |
| ૪ | તલ કાળા | ૩૧૦૦ | ૩૭૦૦ |
| ૫ | જીરૂ | ૩૧૦૦ | ૩૫૮૧ |
| ૬ | કપાસ | ૧૬૦૦ | ૧૮૫૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૩૦ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૪૮૦ |
| ૧૦ | સફેદ જુવાર | ૧૧૦૦ | ૧૨૪૬ |
| ૧૧ | મગ | ૧૩૦૦ | ૧૫૫૦ |
| ૧૨ | ચણા | ૧૧૦૦ | ૧૧૬૦ |
| ૧૩ | તુવેર | ૧૨૦૦ | ૧૪૨૦ |
| ૧૪ | ધાણા | ૨૨૦૦ | ૨૮૯૦ |

### હાસ્યના રંગે રંગાયો સાહિત્યિક માહોલ

# અમરેલીનાં ''દીકરાના ઘર'' ખાતે ગોપાલ ધકાણના પ્રથમ હાસ્ય નિબંધ સંગ્રહ 'સજ્જડ સર્વે'નું લોકાર્પણ

### કવિઓ, સાહિત્ય રસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા

અમરેલી, તા. ૧૪

અમરેલીના દીકરાનું ઘર સ્થિત સત્સંગ હોલ ખાતે શબ્દસમિધ દ્વારા આયોજિત યુવા લેખક–કવિ ગોપાલ ધકાણના પ્રથમ હાસ્ય નિબંધ સંગ્રહ 'સજ્જડ સર્વે'નું ભાવકો અને સાહિત્ય રસિકોની બહોળી ઉપસ્થિતિમાં ભવ્ય વિમોચન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં જાણીતા હાસ્ય લેખક પ્રકાશ દવેના હસ્તે પુસ્તકનું અભ્યાસ પૂર્ણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રકાશ જોષી અને ઉમેશ ચાવડાએ વાચિકમ અંતર્ગત સંગ્રહમાંથી એક–એક હાસ્ય નિબંધનું વાચન કરી ઉપસ્થિતોને હાસ્યરસનો આસ્વાદ કરાવ્યો હતો.

અતિથિ વિશેષ દિલીપભાઈ ભટ્ટએ ગોપાલ ધકાણની સર્જનયાત્રાને યાદ કરી તેમના સાહિત્યિક ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. મુખ્ય વકતા મહેન્દ્રસિંહ પરમારએ હળવી અને રસાળ શૈલીમાં હાસ્યનિબંધના વિવિધ પાસાંઓ પર ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન આપતાં હાસ્યસાહિત્યના મહત્વને ઉજાગર કર્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષ છેલભાઈ વ્યાસએ પોતાના અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં ગોપાલ ધકાણની સરળ, સહજ અને અસરકારક લેખનશૈલીને બિરદાવી તેમને આશીર્વાદ પાઠવ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન વિજયભાઈ મહેતાએ કર્યું હતું, જયારે આભારવિધિ કવિ હરેશ વડાવિયાએ વ્યકત કરી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા શબ્દસમિધના મુકેશ દવે, મુકેશ જોગી, પંકજ ચૌહાણ, ધર્મેશ ઉનાગર અને પ્રકાશ મકવાણા સહિતના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમમાં પ્રણવ પંડયા, ઉમેશ જોશી, ઉદય દેસાઈ, જૈમિન જોશી, અભિષેક ઠાકર, જસ્મિન જોશી, કિરણભાઈ નાંઢા, પરેશ મહેતા, કેતન કાનપરિયા, ગોપીબેન રાઠોડ, કાલિંદીબેન પરીખ, બાલકિશન જોગી, વિપુલ ભટ્ટી, નીતિન પીઠડીયા સહિતના કવિઓ, સર્જકો અને સાહિત્યરસિકોની નોંધપાત્ર ઉપસ્થિતિએ સમગ્ર કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૦૧ |
| ૨ | જુવાર | ૭૦૦ | ૭૦૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૧૧ |
| ૪ | ચણા સફેદ | ૧૦૬૫ | ૧૦૬૫ |
| ૫ | તલ સફેદ | ૨૫૬૫ | ૨૫૬૫ |
| ૬ | તુવેર | ૯૦૦ | ૧૨૦૦ |
| ૭ | મગ | ૧૨૯૫ | ૧૫૩૦ |
| ૮ | શીંગદાણા | ૧૮૪૦ | ૧૮૭૫ |
| ૯ | સોયાબીન | ૧૨૬૫ | ૧૪૧૧ |
| ૧૦ | એરંડી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | તલ કાળા | ૨૪૧૦ | ૩૦૦૫ |
| ૧૨ | ચણા | ૯૫૦ | ૧૨૦૧ |
| ૧૩ | ધાણા | ૨૮૫૫ | ૨૯૨૦ |
| ૧૪ | મકાઈ | ૫૦૧ | ૫૦૧ |
| ૧૫ | લસણ | ૮૨૫ | ૮૨૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૫૦ | ૧૨૫૧ |
| ૨ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૩૦૦ |
| ૩ | તલ કાળા | ૨૨૦૦ | ૩૫૦૨ |
| ૪ | બાજરો | ૪૨૫ | ૫૨૬ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૪ | ૫૨૩ |
| ૬ | જુવાર | ૪૭૦ | ૧૨૪૦ |
| ૭ | મગ | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૮ | મઠ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૯ | ચણા | ૮૫૦ | ૧૦૭૧ |
| ૧૦ | જીરૂ | ૩૭૫૦ | ૩૭૫૦ |
| ૧૧ | ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૨ | મેથી | ૧૧૦૧ | ૨૫૫૦ |
| ૧૩ | સોયાબીન | ૧૪૫૧ | ૧૫૦૦ |
| ૧૪ | શીંગદાણા | ૧૭૦૦ | ૨૧૦૦ |

### વ્યવસાય, સમાજસેવા અને વિશ્વાસની પરંપરાનાં પ્રેરણાસ્ત્રોત

# રાજકોટનાં વિકાસ પબ્લીસિટીનાં સંચાલક મહેન્દ્રભાઈ મહેતાનો આજે જન્મ દિવસ

### પરિવારજનો, મિત્રો દ્વારા મો.નં. ૯૮૨૫૨ ૧૮૧૪૩ પર અભિનંદન વર્ષા


મહેન્દ્રભાઈ ઇન્દુભાઈ મહેતા

રાજકોટ, તા. ૧૪

રાજકોટના જાણીતા વ્યવસાયિક, જાહેરાત ક્ષેત્રના અનુભવી અને વિવિધ સામાજિક, સહકારી તથા જ્ઞાતિ સંસ્થાઓ સાથે વર્ષોથી સક્રિયરીતે જોડાયેલા મહેન્દ્રભાઈ ઈન્દુભાઈ મહેતાનો આજે જન્મદિવસ છે. બાળપણથી જ સંઘર્ષ, મહેનત, પ્રામાણિકતા અને સંબંધોને જીવનના મૂળ મંત્ર બનાવી તેમણે વ્યવસાય અને સમાજસેવાના ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે.

મહેન્દ્રભાઈ મહેતાનો જન્મ તા. ૧૫ જુલાઈ, ૧૯૬૧ના રોજ ધ્રાંગધ્રા ખાતે થયો હતો. તેમના પિતા સ્વ. ઈન્દુભાઈ ગોરધનદાસ મહેતાએ વર્ષ ૧૯૫૬માં રાજકોટના ધર્મેન્દ્ર રોડ પરથી પેનના વ્યવસાયનો પાયો નાખ્યો હતો. માત્ર ૧૧ વર્ષની નાની ઉંમરે મહેન્દ્રભાઈ પિતાના ખભે ખભો મિલાવી વ્યવસાયમાં જોડાયા. વિવિધ દુકાનોમાં ફરીને પેનનું વેચાણ કરતા મહેન્દ્રભાઈએ બાળપણથી જ મહેનત અને ગ્રાહકોનો વિસ જીતવાનું શીખ્યું.

આ જ મહેનત અને સંઘર્ષના પરિણામે પરિવારના પેન વ્યવસાયે Modern Pen Centre તરીકે આગવી ઓળખ મેળવી. ત્યારબાદ તેમના બન્ને ભાઈઓ પણ વ્યવસાય સાથે જોડાયા અને ત્રણેય ભાઈઓએ પેન તથા કોર્પોરેટ ગિફ્ટિંગ ક્ષેત્રે મજબૂત પ્રતિષ્ઠા ઊભી કરી.

વર્ષ ૧૯૮૪માં મહેન્દ્રભાઈ મહેતાએ Vikas Publicityની સ્થાપના કરીને જાહેરાત ક્ષેત્રમાં નવી શરૂઆત કરી. અખબારી જાહેરાતથી શરૂ થયેલી આ સફરમાં તેમણે પ્રામાણિકતા, સમયબદ્ધ સેવા અને ગ્રાહકો સાથેના લાંબા સંબંધોને હંમેશા પ્રાથમિકતા આપી. આજે Vikas Publicityની સેવાઓ માત્ર રાજકોટ કે ગુજરાત પૂરતી મર્યાદિત નથી, પરંતુ કાશ્મીરથી કન્યાકુમારી અને ભુજથી બંગાળ સુધી સમગ્ર ભારતમાં વિસ્તરી છે. દેશના વિવિધ રાજયો અને શહેરોના અગ્રણી અખબારોમાં જાહેરાતો પ્રકાશિત કરવાની સુવિધા સાથે Vikas Publicity આજે All India Newspaper Advertising ક્ષેત્રે વિશ્વાસપાત્ર નામ બન્યું છે. Classified Recruitment, Property, Matrimonial, Publice Notice, Tender, Legal તથા Display Advertisement સહિત વિવિધ પ્રકારની અખબારી જાહેરાત સેવાઓ સમગ્ર ભારતમાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ચાર દાયકાથી વધુ સમયથી ચાલતી આ વિસભરી પરંપરા આજે નવી પેઢી દ્વારા આગળ વધારવામાં આવી રહી છે.

વ્યવસાયની સાથે મહેન્દ્રભાઈ મહેતાનું સામાજિક અને સહકારી ક્ષેત્રે પણ મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. વર્ષ ૧૯૮૮માં રાજકોટ મર્ચન્ટ ક્રેડિટ કો–ઓપરેટિવ સોસાયટી તથા રાજકોટ મર્ચન્ટ ફ્રેન્ડસ એસોસિએશનની સ્થાપના કરવામાં તેમણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને લાંબા સમય સુધી આ સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાઈ સેવા આપી.વર્ષ ૨૦૦૪માં તેમણે રાજકોટમાં મોઢ વણિક જ્ઞાતિની પ્રથમ "મોઢ વણિક પાટોત્સવ સમિતિ"ની સ્થાપના કરી અને સમગ્ર જ્ઞાતિને એક મંચ પર એકત્રિત કરવાના ઉમદા ઉદ્દેશ સાથે જ્ઞાતિ સમૂહ ભોજનની પરંપરાનો પ્રારંભ કર્યો. વર્ષો પહેલાં શરૂ થયેલી આ પરંપરા આજે પણ અવિરતપણે ચાલુ છે અને દર વર્ષે ૩,૦૦૦થી વધુ જ્ઞાતિજનો આ પાટોત્સવ અને સમૂહ ભોજનમાં સહભાગી બને છે. સમાજને સંગઠિત કરવા, પરસ્પર સંબંધો મજબૂત બનાવવા અને નવી પેઢીને જ્ઞાતિ સાથે જોડવાના તેમના પ્રયાસો તેમની સમાજસેવાની ભાવનાનું ઉત્તમ ઉદાહરણ છે.

પરિવારના પેન વ્યવસાયમાં આવેલા કપરા સમય દરમિયાન પણ મહેન્દ્રભાઈએ પરિવારને મજબૂત નેતૃત્વ અને માર્ગદર્શન આપ્યું. ત્રીજી પેઢીના રીશીત મહેતા અને શ્રેયાંસ મહેતાએ તેમની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ વ્યવસાયને નવી દિશા આપી અને આજે Vikas Pen World સૌરાષ્ટ્રમાં Personalized Mental Pens અને Gifting Solutions માટે વિસપાત્ર નામ બન્યું છે.

વર્ષ ૨૦૨૬માં Vikas Pen Worldને દિવ્ય ભાસ્કર ગ્રુપના MY FM દ્વારા "Most Trusted Personalized Pen Store of Saurashtra" એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું. આ સન્માન મહેન્દ્રભાઈ મહેતા સહિત સમગ્ર પરિવારની દાયકાઓની મહેનત, ગુણવત્તા, સેવા અને ગ્રાહકોના અતૂટ વિસનું ગૌરવપૂર્ણ પ્રતિબિંબ છે.સરળ સ્વભાવ, સંબંધોને સાચવવાનીભાવના, સંસ્થાઓને સાથે લઈને ચાલવાની કાર્યશૈલી અને નવી પેઢીને સતત પ્રોત્સાહન આપવું મહેન્દ્રભાઈ મહેતાના વ્યકિતત્વની વિશેષ ઓળખ છે. વ્યવસાયિક સફળતા સાથે સમાજ માટે કંઈક કરવાની તેમની ભાવનાએ અનેક લોકોને પ્રેરણા આપી છે. સાત દાયકાની પેન વ્યવસાયની પારિવારિક પરંપરા, ચાર દાયકાથી વધુની જાહેરાત ક્ષેત્રની સફળ સફર અને વર્ષોથી અવિરત સમાજસેવાના મહત્વપૂર્ણ આધારસ્તંભ એવા મહેન્દ્રભાઈ મહેતાના જન્મદિવસ નિમિત્તે પરિવારજનો, મિત્રો, શુભેચ્છકો, ગ્રાહકો, વેપારી અગ્રણીઓ તથા વિવિધ સામાજિક અને જ્ઞાતિ સંસ્થાઓ દ્વારા તેમને હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

**મહેન્દ્ર મહેતા**
**(વિકાસ પબ્લીસીટી)**
**– ૯૮૨૫૨ ૧૮૧૪૩**

### શહેરીજનોમાં ઉભો થયેલ ભય દુર કરો

# સાવરકુંડલા શહેરમાં રખડતા આખલાઓનો આતંક : નગરસેવકે કરી રજુઆત

### નાના–મોટા અકસ્માતની ઘટના રોજિંદી બની છે

સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા શહેરી વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી રખડતા આખલાઓનો ત્રાસ અસહ્ય બની ગયો છે. શહેરના મુખ્ય માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં આખલાઓના ટોળેટોળાં જમાવડો કરીને નિર્દોષ રાહદારીઓ તેમજ વાહનચાલકોને અડફેટે લઈ રહ્યા છે, જેના કારણે લોકોના જીવ જોખમમાં મુકાયા છે. આ ગંભીર જનસમસ્યા અંગે વોર્ડ નં. ૬ના નગરપાલિકા સદસ્ય ધર્મેન્દ્ર મહેતાએ સાવરકુંડલા નગરપાલિકાના ચીફ ઓફિસરને એક લેખિત પત્ર પાઠવીને તાત્કાલિક અને કડક કાર્યવાહી કરવા રજૂઆત કરી છે.

રજૂઆતમાં જણાવ્યું છે કે, શહેરના ભરચક ગણાતા વિસ્તારો જેવા કે, વિદ્યુતનગર સોસાયટી અને હાથસણી રોડ, નેસડી રોડ અને મેઘજી પેથરાજ છાત્રાલય વાળો રસ્તો, દેવળા ગેઈટ અને શાકમાર્કેટ વિસ્તાર, મણીભાઈ ચોક સહિતના મુખ્ય માર્ગો, આ તમામ વિસ્તારોમાં આખલાઓ (ખુટીયા)નો ઉપદ્રવ અત્યંત વધી ગયો છે. આખલાઓ પરસ્પર લડતા હોવાથી અનેક રાહદારીઓ પછડાટ ખાઈને ઈજાગ્રસ્ત થયા છે અને નાના–મોટા અકસ્માતો રોજિંદી ઘટના બની ગયા છે.

સવાર, સાંજ અને રાત્રિના સમયે આખલાઓ રસ્તાની વચ્ચોવચ અડિંગો જમાવીને બેસતા હોવાથી શાળાએ જતા નિર્દોષ બાળકો, વૃદ્ધો અને મહિલાઓ ઘરમાંથી બહાર નીકળતા પણ ડરી રહ્યા છે. સમગ્ર શહેરમાં હાલ ભયનો માહોલ વ્યાપી ગયો છે. નિયમોનો હવાલો આપતા માંગ કરી છે કે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૮૩ અને ૨૬૮ હેઠળ પાલિકા પોતાની સત્તાનો ઉપયોગ કરે. શહેરમાં આતંક મચાવતા આખલાઓને તાત્કાલિક પકડીને પાંજરે પૂરવામાં આવે. આ સાથે જ, ભવિષ્યમાં આવી પરિસ્થિતિ ફરી ઊભી ન થાય તે માટે નગરપાલિકા દ્વારા નિયમિત પેટ્રોલિંગ અને આખલા પકડવાની સઘન ઝુંબેશ સતત ચાલુ રાખવામાં આવે.

અંતમાં, સમગ્ર શહેરના નાગરિકોની સુરક્ષા અને જાનમાલના રક્ષણને સર્વોચ્ચ અગ્રતા આપીને નગરપાલિકા તંત્ર આ બાબતે વિલંબ કર્યા વિના યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરે તેવી ચીફ ઓફિસરને રજૂઆત કરવામાં આવી છે.

### આવતીકાલ ગુરૂવારે પવિત્ર દિવસે

# બાબરા : ગેબી વિસામે શ્રી રામદેવજી મહારાજનાં મંદિરે અષાઢી બીજની થશે ઉજવણી

### મહંત રાજુબાપુએ ભક્તોને લાભ લેવા જણાવ્યુ

બાબરા, તા. ૧૪

બાબરા શહેરના ગેબી વિસામે આવેલ રામદેવજી મહારાજના પવિત્ર મંદિરે આગામી તા. ૧૬ જુલાઈ, ૨૦૨૬ (ગુરૂવાર)ના રોજ અષાઢી સુદ બીજ મહોત્સવની ભવ્ય અને ભકિતમય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સવારે ૧૦:૦૦ વાગ્યે આરતી બાદ પૂજન–વિધિ યોજાશે. સાંજે ૪:૦૦ વાગ્યે પાઠ તથા જયોત દર્શન, ત્યારબાદ ૫:૦૦ વાગ્યે ભજન–સંતવાણીનો કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ ભાવિકો માટે મહાપ્રસાદ ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

ગેબી વિસામાના મહંત રાજુબાપુએ બાબરા શહેર તેમજ આસપાસના વિસ્તારોના સર્વ ધર્મપ્રેમી જનતાને રામદેવજી મહારાજના દર્શન, ધાર્મિક કાર્યક્રમો તથા મહાપ્રસાદનો લાભ લેવા હાર્દિક જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

આ મહોત્સવમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહી ધર્મલાભ મેળવે તેવી આયોજકો દ્વારા અપેક્ષા વ્યકત કરવામાં આવી છે.

# બગસરામાં વિનામૂલ્યે વૃક્ષનાં રોપાનું વિતરણ કરાયું


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૪

બગસરામાં ગોંડલીયા ચોક ખાતે મોહિત મસરાણી તથા તેની ટીમ દ્વારા ૮૦૦થી વધુ વૃક્ષનાં વિના મૂલ્ય રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. વધુ પડતા વૃક્ષ છેદન અને વધુ પડતી ગરમી અને વરસાદને ખેંચવા માટેના ઉદ્દેશથી આ રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ફ્રુટ થતા અલગ અલગ રોપા વિતરણ કરવામાં આવ્યા હતા.

# સાવરકુંડલા : વિદ્યાર્થી ચૂંટણી દ્વારા લોકશાહીનો જીવંત અનુભવ કરાવતી પ્રેરણાદાયી પહેલ



સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા શહેરમાં આવેલ જે.વી. મોદી હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓમાં બાળપણથી જ લોકશાહી પ્રત્યે જાગૃતિ અને બંધારણીય મૂલ્યોનું સિંચન થાય તેવા ઉમદા હેતુથી શાળા સ્તરે એક ભવ્ય અને જીવંત ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અનોખા પ્રયોગ દ્વારા વિદ્યાર્થીઓએ લોકશાહી વ્યવસ્થાના મૂળ ભૂત સિદ્ધાંતોને વ્યવહારિક રીતે સમજવાનો સોનેરી અવસર મેળવ્યો હતો.

સંપૂર્ણ લોકશાહી પદ્ધતિથી યોજાયેલી આ ચૂંટણી દ્વારા શાળાના દરેક વર્ગમાંથી 'વર્ગ મોનિટર' તેમજ સમગ્ર શાળાના પ્રતિનિધિ તરીકે એક 'જનરલ સેક્રેટરી' (જી.એસ.)ની પસંદગી કરવામાં આવી હતી. શાળાના તમામ વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહ અને ઉમંગ સાથે મતદાન પ્રક્રિયામાં ભાગ લીધો હતો. આ પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓ મતાધિકારનો યોગ્ય ઉપયોગ અને મતદાનનું સાચું મહત્વ સમજયા હતા.

કાર્યક્રમ દરમિયાન શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી માર્ગદર્શન આપતાં જણાવવામાં આવ્યું હતું કે, મતદાન એ માત્ર આપણો અધિકાર નથી પરંતુ એક પવિત્ર નાગરિક ફરજ પણ છે. એક જાગૃત મતદાતા જ મજબૂત લોકશાહીનો સાચો પાયો છે અને બાળ પણના આ સંસ્કારો ભવિષ્યમાં દેશને જવાબદાર નાગરિકો આપશે.

આ સમગ્ર લોકશાહી પ્રક્રિયાનું સફળ અને સુઆયોજિત સંચાલન શાળાના સામાજિક વિજ્ઞાનના શિક્ષક કુણાલભાઈ મહેતા તથા વિશિષ્ટ શિક્ષક વિમલભાઈ મહેતાના કુશળ માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જયારે સમગ્ર કાર્યક્રમની યાદગાર ક્ષણોને કેમેરામાં કેદ કરવાની (ફોટોગ્રાફીની) જવાબદારી યોગેશભાઈ ચૌહાણ દ્વારા ખૂબ જ સુંદર રીતે નિભાવવામાં આવી હતી.

ચૂંટણીના પરિણામો બાદ, ચૂંટાયેલા તમામ વર્ગ મોનિટર્સ અને જી.એસ. માટે એક વિશેષ શપથવિધિ સમારોહ યોજાયો હતો. જેમાં દેશની સંસદીય પરંપરા મુજબ તમામ વિજેતા વિદ્યાર્થીઓને હોદ્દા અને ગોપનીયતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા, જેથી તેમનામાં નેતૃત્વના ગુણો અને જવાબદારીની ભાવના વિકસે.

કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય જીતુભાઈ ભટ્ટ દ્વારા ચૂંટાયેલા તમામ વિદ્યાર્થી પ્રતિનિધિઓને મીઠાઈ ખવડાવીને મોં મીઠું કરાવ્યું હતું અને ઉજ્જવળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે વિદ્યાર્થીઓને પોતાના પદની જવાબદારીઓ સંપૂર્ણ નિષ્ઠા અને પ્રમાણિકતાથી નિભાવવા માટે ખાસ પ્રોત્સાહિત કર્યા હતા. જે.વી. મોદી હાઈસ્કૂલની આ નવતર પહેલ સમગ્ર પંથકમાં પ્રશંસા પામી છે અને વિદ્યાર્થીઓ માટે લોકશાહીનું ઉત્તમ જીવંત શિક્ષણ સાબિત થઈ છે.

### બદલાતા સમય સાથે યાદોને સાચવવાનુ સ્વરૂપ બદલાયુ

# સાવરકુંડલા : સ્મૃતિઓને સંઘરી રાખો, ન જાને કબ યે સુનહરી યાદ બન જાયે !

### રેખાચિત્રોથી શરૂ થયેલ સ્મૃતિઓ આજે એ.આઈ. સુધી પહોંચી

સાવરકુંડલા, તા. ૧૪

માનવ જીવનમાં સ્મૃતિઓ એ એક અમૂલ્ય સંજીવની સમાન છે. જેમ જેમ સમય વહી રહ્યો છે, તેમ તેમ ટેકનોલોજીના વ્યાપની સાથે યાદોને કેદ કરવાની અને તેને સાચવવાની પધ્ધતિઓમાં આભજમીનનો તફાવત આવ્યો છે. એક જમાનો એવો હતો જયારે કોઈ કુશળ ચિત્રકાર દ્વારા સ્મૃતિઓના રેખાચિત્રો તૈયાર કરવામાં આવતા. જો કે, એ સમયે આ સુવિધા માત્ર માતબર અને માલદાર વ્યકિતઓ પૂરતી જ સીમિત હતી, જયારે સામાન્ય જનતા આવી સ્મૃતિઓથી જોજનો દૂર રહેતી.કાળક્રમે સમય બદલાયો અને ફોટોગ્રાફીના યુગનો પ્રારંભ થયો. એ સમયે કુશળ ફોટોગ્રાફરનું સમાજમાં એક જાજરમાન સ્થાન હતું. કેમેરાના કચકડે મઢાતી તસવીરો અને તેની નેગેટિવ્સ અંધારિયા ખંડમાં (ડાર્ક રૂમ) આકાર લેતી, જેમાંથી બ્લેક એન્ડ વ્હાઈટ અને ત્યારબાદ કલર કોપીઓ બનતી. એ પછી વીડિયોગ્રાફીનો દેર આવ્યો અને સ્મૃતિઓ ચલચિત્રમાં રૂપાંતરિત થઈ. આજે આ લાંબી સફર બાદ, લેટેસ્ટ ટેકનોલોજીના પ્રતાપે દરેક વ્યકિતના હાથમાં રહેલા નાનકડા મોબાઈલમાં ફોટો–વીડિયોની અદભુત સુવિધા ઉપલબ્ધ થઈ છે.આ ટેકનોલોજીના યુગ સુધી પહોંચવામાં અસંખ્ય વર્ષો વીતી ગયા. આજે પણ વડીલો યાદ કરે છે કે પરિવારમાં દાદીમાનો એકાદ ફોટો કદાચ મળી જાય, પરંતુ દાદાની એક પણ વાસ્તવિક તસવીર ઉપલબ્ધ હોતી નથી. આવા સમયે તેમની સ્મૃતિ જ સાચી તસવીર બની જાય છે. જેમ આપણે ઈરના કાલ્પનિક રૂપને વાસ્તવિક માનીને પૂજીએ છીએ, તેમ વડીલોનું એક કાલ્પનિક પણ પવિત્ર રૂપ હૃદયમાં કંડારાયેલું રહે છે.હાલના આધુનિક યુગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) દ્વારા ઘણું બધું અશકય કામ શકય બન્યું છે. આ અદભુત ટેકનોલોજીની મદદથી હવે મૃત વ્યકિત પણ જીવંત હોવાનો ભાસ સમાજને કરાવી શકાય છે. જૂની સ્મૃતિઓ કે માત્ર કલ્પનાના આધારે પણ ચહેરાઓ પુનઃજીવિત થઈ રહ્યા છે.ભવિષ્યની નવી પેઢી પાસે કેવી ટેકનોલોજી આવશે તે તો રામ જાણે, પરંતુ વર્તમાન સમયની માંગ છે કે આપણી પાસે જે કંઈ પણ સ્મૃતિઓ છે તેને સાચવી અને સંઘરી રાખવી જોઈએ, કારણ કે કયારે કઈ પળ સોનેરી યાદ બની જાય તે કહી શકાતું નથી. અંતે તો, હૃદયમાં સચવાયેલી સ્મૃતિઓ એ જ જીવનની ખરી તસવીર છે.

**– પ્રસ્તુતિ બિપીનભાઈ પાંધી**

### ડી.વાયએસ.પી. વિરલ ચંદનનાં અધ્યક્ષ સ્થાને

# લીલીયા મોટાનાં પોલીસ સ્ટેશન ખાતે નાગરિકોનાં પ્રશ્નોના નિરાકરણ માટે કાર્યક્રમ યોજાયો

### અરજદારોની રજુઆત સાંભળીને નિરાકરણ કરવાની ખાત્રી અપાઈ



અમરેલી, તા.૧૪

જનતાની સમસ્યાઓનું ઝડપી અને સંતોષકારક નિવારણ લાવવાનાં આશય સાથે લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતની સુચના અનુસાર, લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે ડીવાયએસપી વિરલ ચંદનના અધ્યક્ષસ્થાને અરજદારોના પ્રશ્નો સાંભળવા માટે એક બેઠક યોજાઈ હતી. આ તકે લીલીયા મોટા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એચ.એમ. અગ્રાવત પણ ખાસ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમ દરમિયાન વિસ્તારના અસંખ્ય અરજદારો રૂબરૂ હાજર રહયા હતા. અને તેમણે પોતાની રજુઆતો, પ્રશ્નો અને ફરિયાદો ઉચ્ચ અધિકારીઓ સમક્ષ રજુ કરી હતી. ડીવાયએસપી વિરલ ચંદન દ્વારા તમામ અરજદારોની પડતી મુશ્કેલીઓ દુર કરવા અને પોલીસ પ્રશાસન તરફથી સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી હતી.

પોલીસ અને જનતા વચ્ચેનો સમન્વય વધે અને લોકોને પોતાનાં પ્રશ્નો માટે ન્યાય મળે તેવા હેતુથી યોજાયેલા આ કાર્યક્રમ બદલ ઉપસ્થિત અરજદારોએ લીલીયા પોલીસ પ્રશાસનની આ કામગીરીને બિરદાવી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### રાજયમંત્રી કૌશિક વેકરિયા અને તમામ ધારાસભ્યોની ઉપસ્થિતિમાં

# અમરેલી ખાતે જિલ્લાની તમામ નગર પાલિકાની સંકલન સમિતિની બેઠક યોજાઈ

### શહેરીજનોની સુખાકારી માટે ઝડપથી કાર્યવાહી કરવા સુચના અપાઈ



અમરેલી, તા. ૧૪

પ્રાદેશિક કમિશનર, નગરપાલિકાઓ, ભાવનગરના અધ્યક્ષસ્થાને અમરેલી જિલ્લાની નગરપાલિકાઓની સંકલન સમિતિની બેઠક તા. ૧૦/૭/૨૬ના રોજ કલેકટર કચેરી, અમરેલી ખાતે યોજાઈ હતી.

બેઠકમાં રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારાસભ્ય જે.વી. કાકડિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, પ્રાદેશિક કમિશનર પણ જોડાયા હતા.

બેઠક દરમિયાન તાજેતરના ભારે વરસાદના કારણે શહેરોમાં રસ્તાઓને થયેલા નુકસાનનું તાત્કાલિક સમારકામ હાથ ધરી જનતાને અવરજવરમાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે જરૂરી કાર્યવાહી કરવા તમામ નગરપાલિકાઓને સૂચના આપવામાં આવી હતી.આ ઉપરાંત સ્વચ્છતા અભિયાન અંતર્ગત હાથ ધરવાની વિવિધ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT)ની માર્ગદર્શિકા મુજબ ઘન કચરાના વૈજ્ઞાનિક નિકાલ, પ્રક્રિયા અને વ્યવસ્થાપનની કામગીરી અસરકારક રીતે સુનિશ્ચિત થાય તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

બેઠકમાં રાજય સરકાર દ્વારા ૧૫મા નાણાપંચ, શહેરી સડક યોજના તથા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ફાળવવામાં આવેલી ગ્રાન્ટના વિકાસકાર્યો સમયમર્યાદામાં તથા ગુણવત્તાપૂર્વક પૂર્ણ કરવા માટે તમામ નગરપાલિકાઓને સૂચના આપવામાં આવી હતી.

રાજય મંત્રી તથા ઉપસ્થિત ધારાસભ્યોએ વિવિધ યોજનાઓ હેઠળ હાથ ધરવામાં આવતા વિકાસકાર્યો ઉચ્ચ ગુણવત્તા સાથે પૂર્ણ થાય તેમજ જાહેર નાણાંનો અસરકારક ઉપયોગ થાય તે માટે અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ શહેરીજનોના આરોગ્ય, સ્વચ્છતા અને સુખાકારીને પ્રાથમિકતા આપી વરસાદી ઋતુ દરમિયાન જરૂરી તમામ તકેદારી અને ત્વરિત પગલાં લેવા પર ભાર મૂકયો હતો.

આ બેઠકમાં અધિક કલેકટર તેમજ અમરેલી જિલ્લાની તમામ નગરપાલિકાઓના પ્રમુખો અને ચીફ ઓફિસરઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ અમરેલી નગરપાલિકાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### સામાજિક કાર્યકર્તાની રજુઆત રંગ લાવી

# અમરેલીનાં જશવંતગઢ ગામે જર્જરિત થયેલ કોમ્યુનિટી હોલનુ નવિનીકરણ થશે

### PG પોર્ટલ પર રજુઆત બાદ તંત્ર દોડતુ થયુ

અમરેલી, તા. ૧૪

અમરેલીના જશવંતગઢ ગામમાં અનુસૂચિત જાતિ સમાજ માટે વર્ષો પહેલાં નિર્માણ પામેલો ડો. બાબા સાહેબ આંબેડકર કોમ્યુનિટી હોલ અત્યંત જર્જરિત અને જોખમી હાલતમાં હોવાથી તેના નવીનીકરણ અથવા નવા ભવનના નિર્માણની માંગને લઈને સામાજિક કાર્યકર કાંતિલાલ પરમાર દ્વારા PG પોર્ટલ પર કરવામાં આવેલી રજૂઆત બાદ વહીવટી તંત્ર દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.રજૂઆતમાં જણાવાયું હતું કે કોમ્યુનિટી હોલની છત અને દીવાલોમાં મોટી તિરાડો પડી ગઈ છે, જેના કારણે મકાનની સ્થિતિ અત્યંત જોખમી બની ગઈ છે. સમાજના લોકો માટે સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક તેમજ જાહેર કાર્યક્રમો યોજવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. કોઈ અનિચ્છનીય દુર્ઘટના સર્જાય તે પહેલાં તાત્કાલિક નવા ભવનના નિર્માણ અથવા હાલના હોલના નવીનીકરણ માટે જરૂરી કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.

પોર્ટલ પર કરવામાં આવેલી રજૂઆતના અનુસંધાને તાલુકા વિકાસ અધિકારી, અમરેલી દ્વારા સંબંધિત વિભાગને જરૂરી કાર્યવાહી કરવા લેખિત સૂચનાઓ આપવામાં આવી છે. પ્રાપ્ત પત્ર મુજબ ગામના તલાટીને પણ જરૂરી કાર્યવાહી કરવા સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે. સાથે જ પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જો સમયસર કાર્યવાહી નહીં થાય અને કોઈ દુર્ઘટના સર્જાશે તો તેની જવાબદારી સંબંધિત તલાટીની રહેશે.સામાજિક કાર્યકર્તાએ જણાવ્યું હતું કે આ મુદ્દે અગાઉ પણ અનેક વખત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ અસરકારક કાર્યવાહી થઈ નહોતી. હાલમાં આ રજૂઆતની સીધી દેખરેખ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા રાખવામાં આવી રહી હોવાથી હવે યોગ્ય અને સમયસર કાર્યવાહી થવાની આશા જાગી છે.

જશવંતગઢ ગામના સમાજના આગેવાનો અને ગ્રામજનોએ જણાવ્યું કે ડો. બાબાસાહેબ આંબેડકર કોમ્યુનિટી હોલ માત્ર એક ઈમારત નથી, પરંતુ અનુસૂચિત જાતિ સમાજના સામાજિક મેળાવડા, શૈક્ષણિક પ્રવૃત્તિઓ, યુવાનોના કાર્યક્રમો અને જાહેર બેઠકોનું મહત્વપૂર્ણ કેન્દ્ર છે. તેથી સરકાર દ્વારા તાત્કાલિક જરૂરી નાણાં ફાળવી નવા ભવનના નિર્માણ અથવા હાલના હોલના નવીનીકરણની કામગીરી શરૂ કરવામાં આવે તેવી તેમણે માંગ કરી છે.

સામાજિક કાર્યકરે જણાવ્યું કે જાહેર સુરક્ષા અને સમાજના હિતને ધ્યાનમાં રાખીને આ કામગીરીમાં વિલંબ ન થાય તે અત્યંત જરૂરી છે અને વહીવટી તંત્ર દ્વારા ઝડપથી હકારાત્મક નિર્ણય લેવામાં આવે તેવી સમાજની અપેક્ષા છે.

ડો.નીત ચોટાઈ
MBBS,MS, DrNB (Urologist)
કીડની-પથરી-પ્રોસ્ટેટનાં રોગોના નિષ્ણાંત
GUVNL
PM-JAY
24/7 Emergency Services
ડો. ઉત્કર્ષ પટેલ
(MS - જનરલ સર્જન)
જનરલ અને લેપ્રોસ્કોપિક સર્જન
તમારૂ આરોગ્ય અમારી જવાબદારી
PM-JAY તથા PGVCL કર્મચારીઓ માટે
કેશલેસ સારવાર
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે ઉપર આવેલ

# રાજુલાનાં ભેરાઈ ચોકડી બ્રિજ ઉપર મસમોટી તિરાડ પડી

સામાન્ય વરસાદ પડે અને હાઈવે ઉપર તિરાડ પડે જ નહી તેવું કેમ કાર્ય કરાતું નથી તે સમજાતું નથી

ટ્રાફિકથી ધમધમતા માર્ગ ઉપર મસમોટી તિરાડ પડી જતાં વાહનચાલકોમાં પણ ચિંતાનો માહોલ

યુધ્ધનાં ધોરણે બ્રિજ ઉપરની તિરાડની મરામત કરી નબળી કામગીરી છે કે કેમ તેની તપાસ કરવી જરૂરી

જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી બનતા માર્ગો અને પુલોથી જનતાને સુવિધા મળવી જોઈએ નહી કે પરેશાની



અમરેલી, તા. ૧૪

રાજુલા નજીકથી પસાર થઈ રહેલ ભાવનગર-સોમનાથ વચ્ચેનાં નેશનલ હાઈવે ઉપર ભેરાઈ ચોકડીએ આવેલ બ્રિજ ઉપર ભારે વરસાદ બાદ મસમોટી તિરાડ પડી જતાં વાહનચાલકોમાં ચિંતાનો માહોલ ઉભો થયો હોય. નેશનલ હાઈવે વિભાગનાં અધિકારીઓ મસમોટી તિરાડ કયાં કારણોસર પડી છે તે અંગે તપાસ કરીને જનતા સમક્ષ નિવેદન કરવું જોઈએ.

એક તરફ દેશભરમાં જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી વિશાળ માર્ગો, આધુનિક પુલોનું નિર્માણ કાર્ય થઈ રહ્યું છે અને સરકારનાં પ્રતિનિધિઓ સ્પેશ ટેકનોલોજી નિર્માણ કાર્ય થઈ રહ્યું છે તેમજ ભ્રષ્ટાચાર વિહિન કાર્ય થતું હોવાનો દાવો કરી રહ્યા છે. પરંતુ, દેશનાં અનેક નેશનલ હાઈવેથી લઈને ગ્રામ્ય કક્ષાનાં માર્ગો સામાન્ય વરસાદ પણ સહન કરી શકતા નથી અને સરકારનાં દાવાની પોલ અવારનવાર ખુલી થઈ રહી છે.

દરમિયાનમાં ભેરાઈ ચોકડી બ્રિજ ઉપર તિરાડ પડવા પાછળ જો ભ્રષ્ટાચાર હોય તો કસુરવાન બાંધકામ એજન્સી અને બેદરકાર અધિકારી સામે કાર્યવાહી કરવી જોઈએ. જો અન્ય કોઈ પણ કારણ હોય તો તેની પણ જાણકારી જનતાને આપવી જોઈએ કારણ કે આ કાર્ય જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી થયું હોવાથી જનતાને ખરી હકીકત જાણવાનો અધિકાર છે.

## જુદા-જુદા રાજયનાં ઈસમોએ કર્યુ કારસ્તાન

# રાજુલાનાં વતની અને સુરત સ્થિત યુવક સાથે ૩.૧૯ લાખનું સાયબર ફ્રોડ

## સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧૪

હાલ સુરતના ૧૦૯ શિવનગર સોસાયટી-૨, આંબા તલાવડી રોડ, કતાર ગામ ખાતે રહેતા અને મુળ રાજુલા ગામે છતડીયા રોડ બજરંગ રેસીડેન્સીમાં રહેતા મેહુલકુમાર ગોરધનભાઈ સરધારા નામના ૪૦ વર્ષીય યુવકના સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની બેન્ક ખાતામાંથી ગત તા. ૩૦/૫/૨૬થી તા. ૬/૬/૨૬ દરમ્યાન અલગ અલગ સમયે રાજુલા ટાઉનમાંથી રૂપિયા ૫૦,૦૦૦ લખનઉ પંથકમાં રહેતા આરોપી અખંડ પ્રતાપશીંઘએ પોતાના બેન્ક ખાતામાં તથા રૂપિયા ૪૦,૦૦૦ બેન્ક ઉત્તર પ્રદેશના ખાતા ધારક રીતીકસિંઘ તથા રૂપિયા ૩૩,૦૦૦ ખાતા ધારક અલવાર રાજસ્થાનમાં રહેતા

અનુસંધાન પાના ૬ ઉપર

જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર
કોરલ ડો, ફોટોશોપ, પેજમેકર
તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
અમરેલી શહેરના (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય સાંજે : ૭ થી ૮
અમરેલી એક્સપ્રેસ
કાર્યાલય : અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Namkeen)
• Cashier - 1
• Sales Co - Ordinator - 2
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 1
Location :
Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957 (Jitendra Chavda)
APPLY NOW

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૯૨

।। હાર્દિક અભિનંદન ।।
ડો. જી.જે. ગજેરા
મજબુતસિંહ બસિયા
આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનાં અધ્યક્ષ ડો. પ્રવિણભાઈ તોગડીયા દ્વારા ગુજરાતનાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનાં અધ્યક્ષ તરીકે ડો. જી.જે. ગજેરા અને સૌરાષ્ટ્ર પ્રાંત આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનાં મંત્રી તરીકે મજબુતસિંહ બસીયાની વરણી થતાં અમો હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.....
ભગવાન શ્રીરામનાં આશીર્વાદથી આપ સમાજસેવા, રાષ્ટ્રસેવા અને હિન્દુ સમાજનાં સંગઠન માટે વધુ ઉત્સાહ અને સમર્પણ સાથે કાર્ય કરો તથા આ નવી જવાબદારીઓમાં ઉત્તમ સફળતા પ્રાપ્ત કરો એવી હાર્દિક શુભેચ્છાઓ.....
શુભેચ્છક
હસમુખભાઈ દુધાત (અધ્યક્ષ)
ભરતભાઈ કાનાણી | રાજુભાઈ પિઠ્ઠલાણી | ધર્મેન્દ્રભાઈ કાચા
બાબુલભાઈ ત્રિવેદી | સંજયભાઈ ગોંડલીયા | આશિષભાઈ ગણાત્રા
મોહનભાઈ કાલેણા | કેતનભાઈ વિશાણી | હરેશભાઈ ખુબચંદાણી
ચંદ્રેશભાઈ મહેતા | રાહુલભાઈ સરવૈયા | હાર્દિકભાઈ બાવળીયા
વિજયભાઈ ગોહિલ | વિજયભાઈ પાથર | શૈલીનભાઈ રાજા
યુવરાજભાઈ વાળા | જયદિપભાઈ ઉનાગર | પ્રદિપભાઈ સોલંકી
કાર્તિકભાઈ પંડયા | પ્રકાશભાઈ નાંઢા | પીન્ટુભાઈ સરવૈયા
સંજયભાઈ વાળા | ભવદિપભાઈ સાવલીયા
:: હિન્દુ કેસરી સેના-અમરેલી ::

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)